RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 257* Date: 14.07.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદીએ પૂર્વોત્તરના રાજ્યોમાં કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા કરી

# હિલ સ્ટેશનો પર વધતી લોકોની ભીડ કોરોનાની ત્રીજી લહેરને આમંત્રણ

**ત્રીજી લહેરને અટકાવવા માટે એન્જોયમેન્ટ પણ રોકવું પડશે, હું ખૂબ ભારપૂર્વક કહેવા માંગું છું કે હિલ સ્ટેશનોમાં, માર્કેટોમાં માસ્ક પહેર્યા વગર, ભારે ભીડ ઉમટી પડે છે તે યોગ્ય નથી,**




*ન્યુ દિલ્હી,તા.૧૩*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે પૂર્વોત્તરનાં રાજ્યોમાં કોરોનાની સ્થિત પર ચર્ચા કરી. આ દરમિયાન આસામ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા અને નાગલેન્ડના મુખ્યમંત્રી હાજર રહ્યા હતા. મોદીએ તેમને કહ્યું હતું કે હિલ સ્ટેશન, માર્કેટમાં માસ્ક પહેર્યા વગર અને પ્રોટોકોલ વગર ભારે ભીડ એકત્રિત થાય એ યોગ્ય નથી. આ બાબત આપણા માટે ચિંતાનો વિષય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેટલાક લોકો જાહેરમાં કહે છે કે ત્રીજી લહેર આવતાં પહેલાં એન્જોય કરવા માગે છે. લોકોએ સમજવું પડશે કે ત્રીજી લહેર એની જાતે નહિ આવે. સવાલ થવો જોઈએ કે એને કઈ રીતે રોકી શકાય? પ્રોટોકોલનું કઈ રીતે પાલન કરવાનું છે? કોરોના એની જાતે આવતો નથી, કોઈ જઈને લઈ આવે તો જ આવે છે. આપણે સાવધાની રાખીશું તો જ એને રોકી શકીશું.

આપણે વાયરસના વેરિયન્ટ પર નજર રાખવી પડશે. સંક્રમણ રોકવા માટે આપણે માઈક્રો લેવલ પર વધુ સખત પગલાં ભરવાં પડશે. આ બહુરૂપી છે. વારંવાર એનાં રંગ-રૂપ બદલે છે. મ્યૂટેશન પછી એ કેટલો ખતરનાક હશે એ અંગે એક્સપર્ટ અભ્યાસ કરી રહ્યા છે. પ્રિવેન્શન અને ટ્રીટમેન્ટ ખૂબ જરૂરી છે. આ બાબતે આપણે સંપૂર્ણ ફોકસ રાખવાનો છે. વાયરસનો પ્રકોપ બે ગજનું અંતર, માસ્ક અને વેક્સિનેશનથી ફિક્કો થશે.

હેમંત બિસ્વ શર્મા જણાવી રહ્યા હતા કે તેમણે ૬ હજારથી વધુ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન બનાવ્યા. એનાથી જવાબદારી નક્કી થાય છે. માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન પર જેટલો ભાર આપીશું એટલા ઝડપથી આપણે આ સ્થિતિમાંથી બહાર આવીશું. છેલ્લાં દોઢ-બે વર્ષમાં જે અનુભવ મળ્યો છે એનો ઉપયોગ કરવો પડશે. રાજ્યો અને જિલ્લાઓમાં ઘણાં ઈનોવેશન કરવામાં આવ્યાં છે, એને ચાલુ રાખવાં પડશે.

એક્સપર્ટ વારંવાર ચેતવણી આપી રહ્યા છે કે અસાવધાની, બેદરકારી અને ભીડભાડથી કોરોના સંક્રમણમાં ભારે ઉછાળો આવી શકે છે. દરેક સ્તરે ગંભીરતાથી પગલાં લેવામાં આવે. વધુ ભીડવાળા કાર્યક્રમને રોકી શકાય છે, એને રોકવા જોઈએ. કેન્દ્ર બધાને ફ્રીમાં વેક્સિન ઉપલબ્ધ કરાવી રહી છે. ત્રીજી લહેરને રોકવા માટે વેક્સિનેશનને ઝડપી કરવું પડશે. સેલિબ્રેટી, ધર્મ, શિક્ષા અને દરેક ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો વેક્સિનેશન માટે લોકોને જાગ્રત કરે.

આપણે ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરીને આગળ વધવાનું છે. કેબિનેટે ૨૩ હજાર કરોડ રૂપિયાનું નવું પેકેજ આપ્યું છે. નોર્થ-ઈસ્ટના દરેક રાજ્યને આ પેકેજથી પોતાના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવામાં મદદ મળશે. જ્યાં કેસ વધી રહ્યા છે ત્યાં ICU બેડ વધારવામાં મદદ મળશે. ઓક્સિજન પર કામ કરવું પડશે. સમગ્ર દેશમાં ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવી રહ્યા છે. નોર્થ-ઈસ્ટ માટે ૧૫૦ પ્લાન્ટ મંજૂર થયા છે. એ ઝડપથી પૂર્ણ થાય અને અડચણ ન આવે. સ્કિલ્ડ મેનપાવરને પણ તૈયાર કરી લો. ભૌગોલિક સ્થિતિને જોતાં અસ્થાયી હોસ્પિટલ બનાવવી ખૂબ જરૂરી છે.

ટ્રેન્ડ મેનપાવરની જરૂરિયાત છે. ICU બેડ, ઓક્સિજન બેડ, નવી હોસ્પિટલો માટે નવા ટ્રેન્ડ મેનપાવરની જરૂર છે. એની સાથે સંકળાયેલી તમામ મદદ કેન્દ્ર સરકાર કરશે. સમગ્ર દેશ ૨૦ લાખથી વધુ ટેસ્ટ રોજ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી ચૂક્યો છે. નોર્થ-ઈસ્ટના દરેક જિલ્લામાં ટેસ્ટિંગની ક્ષમતા વધારવી પડશે. રેન્ડમ ટેસ્ટિંગને એગ્રેસિવ કરવું પડશે.

## કોરોનાથી એક દિવસમાં ૨,૦૨૦ના મોત થતા ચિંતામાં વધારો

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતમાં કોરોનાના નવા કેસમાં સતત ફરી એકવાર ઘટાડો નોંધાવાનું શરુ થયું છે. જેમાં ૧૧૮ દિવસ પહેલા ૨૪ કલાકમાં નોંધાયા હતા તેટલા ઓછા કેસ નોંધાયા છે. પરંતુ ૨૪ કલાકમાં વધુ ૨૦૦૦થી વધુ મોત નોંધાયા છે. જ્યારે ગઈકાલની સરખામણીમાં આજે મોટો ઘટાડો નોંધાયો છે. ગઈકાલે દેશમાં ૩૭,૧૫૪ નવા કેસ નોંધાયા હતા અને ૭૨૪ દર્દીઓના મોત થયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૩૧,૪૪૩ કેસ નોંધાયા છે, જ્યારે ૨૦૨૦ દર્દીઓના મોત થઈ ગયા છે. દેશમાં ૧૧૮ દિવસ બાદ ૨૪ કલાકમાં સૌથી ઓછા નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં રિકવરી રેટ વધીને ૯૭.૨૮% થયો.

દેશમાં ફરી એકવાર લાંબા સમય પછી કોરોનાના લીધે એક જ દિવસમાં ૨૦૦૦થી વધુ દર્દીઓના મોત થયા કુલ મૃત્યુઆંક વધીને ૪,૧૦,૭૮૪ થઈ ગયો છે. વધુ ૪૯,૦૦૭ દર્દીઓ સાજા થવાની સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩,૦૦,૬૩,૭૨૦ થઈ ગઈ છે.સાજા થનારા દર્દીઓ નવા કેસની સરખામણીમાં વધુ નોંધાતા એક્ટિવ કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. આજે નવા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે કુલ એક્ટિવ કેસ ઘટીને ૪,૩૨,૭૭૮ થઈ ગયા છે.

દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસની રસીના કુલ ૪૦,૬૫,૮૬૨ ડોઝ લગાવવામાં આવ્યા, જેની સાથે કુલ ડોઝની સંખ્યા ૩૮,૧૪,૬૭,૬૪૬ થઈ ગઈ છે.આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૧ જુલાઈ સુધીમાં કુલ ૪૩,૨૩,૧૭,૮૧૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૪,૩૨,૩૪૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ દેશમાં હાલ કોરોનાથી રિકવરી રેટ ૯૭.૨૮% પર પહોંચ્યો છે. વીકલી પોઝિટિવિટી રેટ ઘટીને ૨.૨૮ ટકા થયા છે જ્યારે ડેઈલી પોઝિટિવિટી રેટ ૧.૮૧ ટકા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૩૧
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૮૨૪૩૦૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૧૩
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૮૧૩૫૧૨

## Sputnik-V સપ્ટેમ્બર મહિનાથી ભારતમાં બનવાનું શરુ થશે

પૂણે,તા.૧૩

રશિયન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ફંડના સીઈઓ કિરીલ દિમિત્રીવએ ૧૩ જુલાઈના રોજ ભારતમાં રશિયન કોરોના વેક્સિન સ્પુટનિક-વી ના ઉત્પાદન અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા સપ્ટેમ્બર ૨૦૨૧ થી સ્પુટનિક વી રસીનું ઉત્પાદન શરૂ કરશે. તેમણે એમ પણ કહ્યું કે સ્પુટનિક રસીનો પ્રથમ બેચનો જથ્થો સપ્ટેમ્બરમાં તૈયાર થવાની ધારણા છે. આ સિવાય કેટલાક અન્ય ઉત્પાદકો પણ આ રસી ભારતમાં બનાવવા માટે તૈયાર છે.

ભારતમાં દર વર્ષે સ્પુટનિક-વી રસીના ૩૦ કરોડ ડોઝનું ઉત્પાદન કરવામાં આવશે. રશિયન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ફંડે જણાવ્યું હતું કે ટેકનોલોજી ટ્રાન્સફરની પ્રક્રિયાના ભાગ રૂપે, ભારતની સીરમ ઈન્સ્ટિટ્યૂટને પહેલેથી જ ગમલેઆ સેન્ટરમાંથી સેલ અને વેક્ટરના નમૂનાઓ મળી ચુક્યા છે. ભારત સરકારના ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા પાસેથી તેની આયાતની મંજૂરી સાથે જ ભારતમાં તેના ઉત્પાદનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

ડો.રેડ્ડીઝ લેબોરેટરીઝએ દેશના ૫૦ થી વધુ શહેરો અને નગરોમાં રશિયાની કોવિડ-૧૯ રસી સ્પુટનિક-વીનું સોફ્ટ લોન્ચિંગ કર્યું હે અને ત્યાં આ વેક્સિન પહોચાડી છે. રેડ્ડીઝ લેબોરેટરીઝે ૧૪ મી મેએ આ રસી આપી હતી અને હવે આ પાયલોટ પ્રોજેક્ટનો વિસ્તાર ૫૦ થી વધુ શહેરો અને નગરોમાં વિસ્તારવામાં આવ્યો છે. કંપનીએ ૧૨ જુલાઈને સોમવારે રાત્રે એક ટ્વીટમાં જણાવ્યું હતું કે તે આવતા અઠવાડિયામાં સ્પુટનિક-વી ના વધુ ડોઝ પહોંચાડવામાં આવશે.

### નસીરિયાની અલ-હુસૈન હોસ્પિટલમાં એકાએક આગ ભભૂકી ઊઠી

## ઈરાકમાં કોવિડ-૧૯ હોસ્પિટલમાં ભીષણ આગથી ૬૪ લોકોના મોત



*બગદાદ,તા.૧૩*

ઈરાકના દક્ષિણ શહેર નસીરિયાની અલ-હુસૈન કોવિડ હોસ્પિટલમાં ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. આગમાં ૨ આરોગ્યકર્મચારી સહિત ૬૪ લોકોનાં મોત નીપજ્યાં અને ૧૦૦ લોકો ઘાયલ થયા હતા. આગને કાબૂમાં લેવામાં આવી છે. કોવિડ વોર્ડમાં ઓક્સિજન-ટેન્કમાં વિસ્ફોટથી આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ ઘટના બાદ વડાપ્રધાન મુસ્તફા અલ-કદમીએ વરિષ્ઠ પ્રધાનોની બેઠક બોલાવી છે, જેમાં નસીરિયા હોસ્પિટલના સિક્યોરિટી મેનેજરોને સસ્પેન્ડ કરીને ધરપકડ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

અકસ્માત દરમિયાન આરોગ્યકર્મચારીઓએ કોવિડ હોસ્પિટલમાંથી સળગતા મૃતદેહોને બહાર કાઢ્યા હતા, જ્યારે ધુમાડાને કારણે ઘણા દર્દીઓ ઉધરસ ખાતા હતા. આ અકસ્માતની તપાસ શરૂ કરી દેવામાં આવી છે, જેથી આગ લાગવાનું કારણ જાણી શકાય. ઘણા લોકો લાપતા થયા હોવાનું જણાવાયું હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સ્વાસ્થ્ય કર્મચારીઓએ સળગી રહેલી હોસ્પિટલમાંથી મૃતદેહો બહાર કાઢ્યા હતા અને અનેક દર્દીઓ ધૂમાડાના કારણે ખાંસી રહ્યા હતા. નાસિરિયાના સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું કે, આગ પર કાબૂ મેળવ્યા બાદ અલ-હુસૈન કોરોના વાયરસ હોસ્પિટલમાં રાહત અને બચાવ અભિયાન ચાલુ હતું પરંતુ ભારે ધૂમાડાના કારણે કેટલાક વોર્ડમાં પ્રવેશ કરવો જ મુશ્કેલ બની ગયો હતો.

પ્રારંભિક પોલીસ રિપોર્ટ પ્રમાણે હોસ્પિટલના કોવિડ ૧૯ વોર્ડની અંદર એક ઓક્સિજન ટેન્ક ફાટવાના કારણે આ આગ લાગી હતી. હોસ્પિટલના ગાર્ડ અલી મુહસિને જણાવ્યું કે, તેણે કોવિડ વોર્ડની અંદર એક મોટો વિસ્ફોટ સાંભળ્યો હતો અને પછી આગ ખૂબ જ ઝડપથી ભડકી ઉઠી હતી.

એપ્રિલની શરૂઆતમાં બગદાદની કોરોના હોસ્પિટલમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ૮૨ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૧૧૦ લોકો ઘાયલ થયા હતા. યુદ્ધ અને પ્રતિબંધો દ્વારા પહેલેથી જ નષ્ટ થઈ ચૂકેલા ઈરાકના આરોગ્ય વિભાગને કોરોના વાયરસ સામે લડવા માટે પહેલેથી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અહીં અત્યારસુધીમાં આ મહામારીને કારણે ૧૪.૩૮ લાખથી વધુ લોકોને સંક્રમણ લાગ્યું છે, જ્યારે૧૭,૫૯૨ લોકો મૃત્યુ પામ્યા છે.

## ભારતના પૂર્વ ક્રિકેટર યશપાલ શર્માનું હૃદયરોગના હુમલાને કારણે નિધન

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ક્રિકેટર યશષપાલ શર્માનું નિધન થયું છે. હૃદય રોગના હુમલાને કારણે તેમનું નિધન થયું છે. ૧૧ ઓગસ્ટ ૧૯૫૪ના રોજ પંજાબના લુધિયાણામાં જન્મેલ યશપાલ શર્માએ ૬૬ વર્ષની ઉંમરમાં અંતિમ શ્વાસ લીધા. તેમની પાછળ પત્ની અને ત્રણ બાળકોને છોડી ગયા છે. તેમના બાળકો વિદેશમાં અભ્યાસ કરે છે.યશપાલ શર્મા ટીમ ઈન્ડિયાના સીલેક્ટર પણ રહી ચૂક્યા છે. યશપાલ શર્મા ૧૯૮૩માં વર્લ્ડકપ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમના સભ્ય પણ હતા. યશપાલ શર્માએ ભારત તરફથી કુલ ૩૭ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તેણે ૩૪ની સરેરાશથી ૧૬૦૬ રન બનાવ્યા હતા. તે જ સમયે, કુલ ૪૨ વનડે મેચમાં યશપાલ શર્માએ ૮૮૩ રન બનાવ્યા હતા. ટેસ્ટમાં યશફાલે બે સેન્ચુરી અને ૯ હાફ સેન્ચુરી ફટકારી હતી. ટેસ્ટમાં તેનો સર્વોચ્ચ સ્કોલ ૧૪૦ રન હતો. જ્યારે વનડેમાં યશપાલના નામે ૪ હાફ સેન્ચુરી છે. જોકે તે વન-ડેમાં એક પણ સેન્ચુરી ફટકારી શક્યા ન હતા. વન-ડેમાં તેમનો સર્વોચ્ચ સ્કોર ૮૯ રન છે. યશપાલ શર્માએ છેલ્લી ટેસ્ટ મેચ ૧૯૮૩માં અને છેલ્લી વન-ડે ૧૯૮૫માં રમી હતી.

વર્લ્ડ કપ વિજેતા ટીમમાં સાથે રમનારા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મદનલાલે યશપાલના નિધન પર કહ્યું, 'સાંભળીને સ્તબ્ધ થઈ ગયો છું અને વાત માનવા તૈયારી નથી કે તેમનુ નિધન થયુ છે. અમે રમતની શરૂઆત પંજાબથી કરી, પછી અમે વર્લ્ડ કપમાં સાથે રમ્યા.' પૂર્વ કેપ્ટન કપિલ દેવ યશપાલ શર્માના અવસાન પર પોતાના આંસુ રોકી શક્યા ન હતા.

ક્રિકેટર કીર્તિ આઝાદે કહ્યું, ૨૫ જૂને જ મારી તેમની સાથે મુલાકાત થઈ હતી. તેઓ તે વખતે ખુશ હતા. તેઓ ટીમના સૌથી ફિટ ખેલાડીઓ પૈકીના એક હતા. આજે યશપાલ શર્મા મોર્નિંગ વોક પર ગયા હતા.તેઓ પાછા ફર્યા ત્યારે તેમને છાતીમાં દુખાવો થયો હતો. એ પછી તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા.યશપાલ શર્માએ પંજાબ સ્કૂલ તરફથી રમતા ૨૬૦ રનનો પહાડ જેવો સ્કોર બનાવ્યો હતો, ત્યારબાદ તે સતત ચર્ચાઓમાં છવાયેલા રહેતા હતા.હતો.

## વડાપ્રધાન મોદી ૧૬ જુલાઇ ૬ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના અંગે બેઠક કરશે

ન્યુ દિલ્હી,તા.૧૩

કોરોના વાયરસની બીજી લહેર અટક્યા પછી, ઘણા રાજયોમાંથી બહાર આવતા બેદરકાર ચિત્રોએ દેશની ચિંતા વધારી દીધી છે. દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા પૂર્વોત્તારના આઠ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી હતી. ખુદ કોરોના મુદ્દા પર, વડા પ્રધાન ૧૬ જુલાઇ શુક્રવારે ૬ અન્ય રાજયોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક પણ યોજવાના છે.

તમિળનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, ઓડિશા, મહારાષ્ટ્ર અને કેરળના મુખ્ય પ્રધાનો ચર્ચામાં ભાગ લેશે. આ રાજયોના ઘણા જિલ્લાઓમાં ક્યાં તો કોરોના વાયરસના ચેપના કેસમાં વધારો જોવા મળ્યો છે અથવા અન્ય ઘણા રાજયોમાં જે રીતે કેસની સંખ્યામાં ઘટાડો થયો છે, તે સ્થિતિ આ છ રાજયોમાં જોવા મળી નથી.

વડા પ્રધાને આજે આઠ ઉત્તાર પૂર્વી રાજયોના મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે રોગચાળાના ત્રીજા મોજા સામે લડવા માટે રસીકરણ અભિયાનમાં સતત વધારો કરવાની જરૂર છે. મોદીએ કહ્યું કે પર્વતીય પર્યટક સ્થળો અને બજારોમાં માસ્ક પહેર્યા વિના અને સામાજિક અંતરનું પાલન ન કરતા લોકોની ભીડ ચિંતાનો વિષય છે.

## તંત્રી સ્થાનેથી...

# પક્ષ વડાઓના અહમ વચ્ચે વિરોધપક્ષો એક જૂઠ થઈ શકશે.....?

*દેશમાં આવતા વર્ષે આવી રહેલ પાંચ રાજ્યોની ચૂંટણીના અનુસંધાને રાજકીય ક્ષેત્રમાં વધતી જઈ રહેલ ગરમી વચ્ચે જે તે વિરોધ પક્ષો જુદા જુદા રાગ આલાપી રહ્યા છે તે કારણે પ્રજામાં વિપક્ષ પર રાખેલી અપેક્ષાઓમાં ઓટ આવી રહી છે. ત્યારે ભાજપ નેતાગણ જે રાજ્યોમા આવતા વર્ષે ચૂંટણીઓ યોજાવાની છે તેના અનુસંધાને વિવિધ આયોજનો કરવામાં ઓતપ્રોત થઈ ગયો છે અને તેમાં પણ સંઘ મતભેદો હોવા છતાં ભાજપ જીતે તે માટે વિવિધ રાજ્યોમાં બેઠકોના દોર શરૂ કરી દીધા છે. આ બધી ઘટના વચ્ચે યુપીમાં યોગી સરકારે વસ્તી નિયંત્રણ અનુસંધાને કાયદો બનાવવા સાથે તેના નિયમો બનાવતા તેના ઘેરા પ્રત્યાઘાત સર્વત્ર પડયા છે અને તે કારણે યુપીમાં ભાજપને લાભ થવાના બદલે નુકસાન થવાની સંભાવના વધી પડી છે.....! યોગી સરકારે ઘડેલો કાયદો બંધારણીય રીતે કોર્ટમાં ટકી શકે તેમ નથી અને ભવિષ્ય છેદ ઉડી જશે કારણ બંધારણમાં લોકોને આપેલ અધિકારનું હનન થાય છે. તેથી કોર્ટે તેને સ્વીકારશે નહીં. પરંતુ લોકોમાં આ કાયદાથી યુપીમાં હિન્દુ વસ્તીમાં ઘટાડો થશે તેવી લોક ચર્ચાઓ જામી પડી છે જે ભાજપને નુકશાન કરી શકે.....! બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં સમાજવાદી પાર્ટી ચૂંટણીમાં મેદાન મારી ગઈ છે અને તેના ગુમાનમાં હવામાં ઉડી રહી છે તે કારણે માયાવતીએ એકલા ચૂંટણી લડવાનું બ્યુગલ ફૂંકી દીધું છે.જો કે બસપા પ્રજા વચ્ચે છે નહીં કે નથી રહી કે ખતમ થઇ ગઈ છે તેમ ન કહી શકાય પરંતુ પ્રજા તેને સ્વીકારશેકે કેમ......? તે મોટો પ્રશ્ન છે. આ બધી બાબતો વચ્ચે વિરોધ પક્ષો એક થશે તેવી લોકોની ધારણા-આશા નહિવત બનતા કોંગ્રેસ પક્ષ પ્રિયંકા ગાંધીને સીએમ પદના ઉમેદવાર જાહેર કરી ચૂંટણી જંગ ખેલવાનું આયોજન કરી રહ્યો છે.... એટલે વિપક્ષો એક થાય તેવી લોકોની અપેક્ષા ધૂળધાણી થઇ શકે છે.....!*

*દેશમાં વિરોધ પક્ષોને એક જૂઠ કરવા માટે થોડા સમય પહેલા શરદ પવારે વિપક્ષોની એક બેઠક બોલાવી હતી... પરંતુ કોંગ્રેસને બોલાવી નહોતી. લોકસભા ચૂંટણી પહેલા વિપક્ષો એકજૂટ થાય તેવી તેમની ધારણાં હતી, પરંતુ એક બાબત તેઓ ન સમજી શક્યા કે કોંગ્રેસ પક્ષ સિવાય વિપક્ષો એક જૂટ ન થઈ શકે. વળી આજની તારીખે પણ દેશભરમાં કોંગ્રેસ પક્ષના મુળિયા ઉંડા છે. કોંગ્રેસમાં પંજાબ, રાજસ્થાન, છત્તીસગઢ, કર્ણાટક, હરિયાણા, ગુજરાત સહિતના રાજયોમાં આંતરિક ખેચતાણે કોંગ્રેસના વડા સોનિયા ગાંધી અને મોવડી મંડળની ઊંઘ હરામ કરી નાંખી છે.....! છતાં રાહુલ અને પ્રિયંકા ગાંધીની દરમિયાન થતા તે તે રાજ્યોના કોંગ્રેસ પક્ષના પ્રશ્નોનો નિવેડો આવી જાય છે. બીજી તરફ કોંગ્રેસે પત્ર લખનારા ૨૩ નેતાઓનો સંપર્ક શરૂ કરી દીધો છે અને કદાચ કોઈ યોગ્ય નિર્ણય આવી શકે.... બીજી તરફ રાહુલ ગાંધીએ નિર્ણય લેવાનો સમય પાકી ગયો છે કે તેઓ ખૂદ લોકસભામાં પક્ષના નેતાની ભૂમિકા ભજવવા માંગે છે કે નહીં....? અને આ બાબતનો નિવેડો આવે તો વિપક્ષો પૈકી મોટા ભાગના એક જૂટ થવાની સંભાવના વધી પડે.....! સોનિયા ગાંધીએ મમતા સાથે સંબંધો સુધારવા બંગાળના નેતા કે જેઓ રાજ્ય સભામાં પક્ષ નેતા છે તે અધીર રંજનને હટાવવા પડે.... મતલબ બલી બનાવવા પડે.....! તો દેશમાં ભાજપા સામે ગ્રાન્ડ એલાયન્સ વિપક્ષો એક જૂટ બની શકે.....!!*

# ભિલોડા : બે ભાઇ પર બુટલેગર અને તેના મળતીયાઓનો જીવલેણ હુમલો,બુટલેગર ગેંગને ઝડપી કાર્યવાહી કરવાની માંગ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ભિલોડા પંથકમાં બુટલેગરો અને અસામાજીક તત્ત્વો બેફામ બન્યા છે ભિલોડા નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થીતી ડામાડોળ જોવા મળી રહી છે ભિલોડા પંથકના લોકો બુટલેગરો અને અસામાજીક તત્ત્વોને ખાખી કાયદાનું ભાન કરાવે તેવી માંગ કરી રહ્યા છે ભિલોડા માર્કેટયાર્ડ પાસે બોલેરો જીપમાં પસાર થતા આર્મી જવાન અને તેમના ભાઈ પર અગાઉ થયેલ ઝગડાની અદાવતમાં કમઠાડીયાના નૂતન બુવળ અને તેના સાગરિતોએ ધારીયા અને લોંખડની પાઈપ વડે જીવલેણ હુમલો કરી જીપમાં તોડફોડ કરી ફરાર થઈ જતા ભારે ચકચાર માંચી હતી ભિલોડા પોલીસને હુમલાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બંને ગંભિર રીતે ઈજાગ્રસ્ત ભાઈને સારવાર અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી બુટલેગર નીતિન બુવળ અને તેની ગેંગના હુમલાથી ભયભીત



એક ઈજાગ્રસ્ત યુવકે બુટલેગરો સામે ઝડપથી કાર્યવાહી કરવાની માંગ કરી હતી માથાભારે બુટલેગર સામે સખ્ત કાર્યવાહી નહી થાય તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી

ભિલોડા માર્કેટયાર્ડ પાસેથી બોલેરો જીપમાં પસાર થતા ચુનાખણના ભરત અરવિંદભાઈ જોષીયારા અને કાંતિભાઇ જોષીયારાને અગાઉ થયેલ ઝગડાની અદાવતમાં અટકાવી કમઠાડીયાના બુટલેગર નિતીન બુવળ અને તેના સાગરીત કિર્તી બુવળ, હિતેશ જોષીયારા તેમજ ૧૫ જેટલા લોકો હાથમાં ધારીયા અને લોંખડની પાઈપ વડે જીવલેણ હુમલો કરી જીપમાં તોડફોડ કરતા બંને ભાઈઓ જીવ બચાવવા દોડ્યા હતા હુમલાના પગલે લોકોના ટોળેટોળા ઉમટતા બુટલેગર અને તેની ગેંગ હુમલો કરી ફરાર થઇ ગઈ હતી બે ભાઈ પર ભિલોડામાં જીવલેણ હુમલાના પગલે ભિલોડા પોલીસ દોડતી થઇ હતી ભિલોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને ઈજાગ્રસ્ત ભાઈને સારવાર અર્થે સરકારી દવાખાને ખસેડતા કાંતિભાઈ જોષીયારાના શરીરે ગંભીર ઈજાઓના પગલે ફરજ પરના તબીબે વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડ્યા હતા બુટલેગરના હુમલાથી ભયભિત બનેલ અરવીંદ જોષીયારા નામના યુવકે નીતિન બુવળ મોટો બુટલેગર હોવાની સાથે તેની પાસે ૫૦ થી વધુ લોકોની ગેંગ હોવાથી તાત્કાલિક ધોરણે ધરપકડ કરવામાં આવેની માંગ કરી હતી ભિલોડા પોલીસ ઝડપી કાર્યવાહી નહીં કરે તો આત્મવિલોપનની ચીમકી પણ ઉચ્ચારી હતી

ભિલોડા પોલીસે ભરતભાઈ અરવિંદભાઈ જોષીયારા (રહે,ચુનાખણ) ની ફરિયાદના આધારે ૧)નિતીન બુવળ,૨)કિર્તી બુવળ,૩) હિતેશ જોષીયારા (ત્રણે રહે, કમઠાડીયા) અને ૧૫ જેટલા અજાણ્યા ઈસમો સામે ઈપીકો કલમ-૩૦૭,૩૨૪,૩૨૫,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪ તથા જીપી એક્ટ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા



આજ રોજ તારીખ ૧૩ જૂલાઇ ૨૦૨૧ ના રોજ ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા ગાંધીનગર ખાતે મહારાષ્ટ્ર સમાજ ભવનનું લોકાર્પણ ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના હસ્તે કરવામાં આવ્યું હતુ . આ પ્રસંગે ગાંધીનગર શહેર પ્રમુખશ્રી રૂચિરભાઇ ભટ્ટ, ગાંધીનગર જિલ્લા પ્રમુખશ્રી અનિલભાઇ પટેલ,ગાંધીનગરના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગરના મહામંત્રીશ્રીઓ કનુભાઇ દેસાઇ,ગૌરાંગભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા ,પૂર્વ મેયરશ્રી રીટાબેન પટેલ ,પૂર્વ ડે.મેયર નાજાભાઇ ઘાઘંર, ભવનના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સુધિર વિચારે ,તેમજ ટ્ર્સ્ટીશ્રી અતુલ કર્મરકર,ટ્રસ્ટી ઉપાધ્યક્ષશ્રીઓ કિશોરભાઇ પંચાકસી,સંતોષભાઇ મૂળે અને ભવનના કારોબારી સભ્યશ્રીઓ સહિતના આગેવાનશ્રીઓ હાજર રહ્યા હતા

# વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપી કોરોનાની બે અલગ-અલગ વેક્સિન મિક્સ કરવી ખતરનાક સાબિત થઈ શકે છે



ન્યુ દિલ્હી/ જિનિવા,તા.૧૩

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે દુનિયાભરમાં અત્યારે વેક્સિનેશન પર જોર આપવામાં આવી રહ્યું છે. દુનિયાભરમાં પૂરજોશમાં વેક્સિનેશન ચાલી રહ્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથન તરફથી ચેતવણી આપવામાં આવી છે કે કોઈ પણ વેક્સિનને મિક્સ કરીને ડોઝ ના લે, આ ખતરનાક સાબિત થઈ શકે છે.

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશનની ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથન પ્રમાણે આ એક ખતરનાક ટ્રેન્ડ છે, કેમકે અત્યાર સુધી આને લઈને કોઈ ડેટા ઉપલબ્ધ નથી. આ સાથે તેમણે ચેતવ્યા કે સમય પર વેક્સિનના બંને ડોઝ લેવા ઘણા જરૂરી છે. સૌમ્યા સ્વામીનાથને કહ્યું કે, જો અલગ-અલગ દેશોમાં લોકો પોત-પોતાની રીતે નક્કી કરશે કે બીજો-ત્રીજો ડોઝ ક્યારે લેવો છે તો આ મુશ્કેલી પેદા કરી શકે છે. ઉલ્લેખનીય છે કે કેટલાક દિવસ પહેલા ભારતમાં અનેક એવા કેસ સામે આવ્યા હતા, જયારે કેટલાક લોકોને વેક્સિનના ૨ અલગ-અલગ ડોઝ આપવામાં આવ્યા હતા.

આ વહીવટીતંત્રની બેદરકારીના કારણે થયું હતું. પહેલો ડોઝ કોઈ બીજી વેક્સિનનો અને બીજો ડોઝ કોઈ બીજી વેક્સિનનો લેવાના કારણે કેટલાક લોકોની તબિયત પણ બગડી છે.

અનેક વૈજ્ઞાનિકો દ્વારા આ મુદ્દે રિસર્ચ પણ કરવામાં આવી રહ્યું છે કે શું વેક્સિનનું આ રીતે મિશ્રણ કરવું ફાયદાકારક હોઈ શકે છે કે નહીં, પરંતુ અત્યાર સુધી કોઈ ચોક્કસ ડેટા સામે આવ્યો નથી, જે આનું સમર્થન કરે.

ઉલ્લેખનીય છે કે અલગ-અલગ વેક્સિનના બે ડોઝની વચ્ચે એક ચોક્કસ અંતર છે. નક્કી કરવામાં આવેલા અંતરાળ પર જ વેક્સિનના બંને ડોઝ આપવામાં આવી રહ્યા છે, જે કોરોનાની વિરુદ્ધ લડવામાં મદદ કરશે.

### ACPના પિતાની નર્મદામાં પાવડાના ઘા મારી હત્યા કરાઈ હતી

# નર્મદા મર્ડર કેસમાં રાજકોટના નવનિયુક્ત ACPના પિતાની હત્યાનો ભેદ ઉકેલાયો

## ACP તરીકે બદલીના એક દિવસ અગાઉ જ તેમના પિતાની રૂપિયાની લેતી-દેતી મામલે હત્યા કરાઈ હતી.



રાજપીપલા, તા.૧

નર્મદા મર્ડર કેસમાં રાજકોટના નવનિયુક્ત છઁઅના પિતાની હત્યાનો ભેદ ઉકેલાયોછે.ACP તરીકે બદલીના એક દિવસ અગાઉ જ તેમના પિતાની રૂપિયાની લેતી-દેતી મામલે હત્યા કરાઈ હતી.

રાજકોટના નવનિયુક્ત છઅઁના પિતાની હત્યા કરાઈ હતી છઅઁ રાજેશ બારીયાની પ્રમોશન સાથે રાજકોટમાં નિયુક્તી થઈ છે. આ અગાઉ રાજેશ બારિયા વડોદરામાં ઁ તરીકેની ફરજ બજાવતા હતા. ACP તરીકે બદલીના એક દિવસ અગાઉ જ તેમના પિતાની રૂપિયાની લેતી-દેતી મામલે હત્યા કરાઈ હતી. આ હત્યાને તેમના વતન નર્મદામાં અંજામ આપવામાં આવ્યો હતો. ACPના પિતાની નર્મદામાં પાવડાના ઘા મારી હત્યા કરાઈ છે. મોતને અકસ્માતમાં ફેરવવા માટે પુલ પરથી એકટીવા ફેંક્યું હતું. જો કે, પોલીસે તપાસમાં તુરંત જ આ હત્યા હોવાનું અનુમાન લગાવી ૪ લોકોની ધરપકડ કરી લીધી છે. ACP રાજેશ બારિયાની રાજકોટમાં મહિલા પોલીસ સેલમાં નવનિયુક્તિ થઈ હતી. આ નિયુક્તિની સાથે તેમના માટે એક દુઃખદ સમાચાર પણ સામે આવ્યા હતા. ACP રાજેશનું મૂળ વતન નર્મદા જિલ્લાના તિલકવાડાના માંગુ ખાતે છે. જ્યાં તેમના પિતાએ કેટલાક લોકોને નાણા ઉછીના આપ્યા હતા. તેમના પિતાનું નામ સનાભાઈ નાનાભાઈ બારિયા હતું.

આ ગુનાના કામે ટેકનિકલ સર્વેલન્સ તેમજ ખાનગી બાતમીના આધારે LCB ટીમને માહિતી મળી હતી. જેમાં (૧) અલતાફખાન ઝાકીરહુસેન ઘોરી (૨) સદ્દામહુસેન ઝાકીરહુસેન ઘોરી (૩) અશરફખાન રસુલખાન ઘોરી (૪) અન્ય એક કિશોર (તમામ રહે ચુડેશ્વર )એ આ મર્ડર કરેલો હોવાની ચોક્કસ બાતમી મળતા બાતમીના આધારે આ ચારેય આરોપીઓને યુક્તિ-પ્રયુક્તિ થી પૂછપરછ કરી હતી. જેમાં તેઓએ અગાઉ ઝઘડાની અદાવત રાખીને આ મર્ડર કરેલ હોવાની કબૂલાત કરતાં આરોપીઓએ મર્ડર કેસમાં વાપરેલ હથિયાર તેમજ મરનાર શનભાઈની સોનાની ચેન અને નાખી દીધેલ મોબાઈલ ફોનને રિકવર કરી ગણતરીના કલાકોમાં મર્ડરના અનડીટેકટ ગુના ને ડીટેકટ કરીને તમામ આરોપીની અટક કરી તિલકવાડા પોલીસ સ્ટેશનમાં લાવ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### કેરળ-મહારાષ્ટ્રમાં નવા ૫૦ ટકાથી વધુ કેસ નોંધાયાઃ સ્વાસ્થ્ય મંત્રાલય

*ન્યુ દિલ્હી,તા.૧૩*

દેશમાં કોરોનાવાયરસના કેસમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ કેટલાક રાજ્યોમાં ચેપ હજી ઝડપથી વધી રહ્યો છે. મંગળવારે આરોગ્ય મંત્રાલયે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે દેશમાં ચેપના કેસમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ કેરળ અને મહારાષ્ટ્રમાં નવા ૫૦%થી વધુ કેસ નોંધાયા છે.

આરોગ્ય મંત્રાલયે આપેલી માહિતીમાં જણાવવામાં આવ્યું છે કે હાલમાં દેશમાં ૪.૩૧ લાખ એક્ટિવ કેસ છે અને રિકવરી રેટ ૯૭.૩ % છે. પત્રકાર પરિષદમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં દેશના ૭૩ જિલ્લાઓ એવા છે કે જ્યાં દરરોજ ૧૦૦ થી વધુ નવા કેસ મળી રહ્યા છે. જ્યારે, ૨ જૂનના રોજ, આવા જિલ્લાઓની સંખ્યા ૨૬૨ હતી અને તે પહેલાં ૪ મેના રોજ, ૫૩૧ આવા જિલ્લાઓ હતા.

આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું કે દેશમાં કોરોનાના નવા કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ કેરળ-મહારાષ્ટ્ર સહિત ૫ રાજ્યો હજી એવા છે જ્યાં મહત્તમ સંખ્યામાં નવા કેસ સામે આવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે હાલમાં નવા કેસોમાં ૫૦% થી વધુ કેસ ફક્ત કેરળ અને મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યા છે.

# કેબિનેટ કમિટીમાં મોટો ફેરફારઃ માંડવીયા-સ્મતિ ઇરાની-સિંધિયાની એન્ટ્રી



ન્યુ દિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ તેમના પ્રધાનમંડળમાં ફેરબદલ કર્યા છે, જ્યાં કેબિનેટમાં ઘણા નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, ઘણાના મંત્રાલયો બદલાયા છે અને ઘણા મંત્રીઓને પણ બહાર જવાનો રસ્તો બતાવવામાં આવ્યો છે. કેબિનેટમાં આ ફેરફાર પછી હવે કેબિનેટ સમિતિમાં પણ મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. યુવા નેતાઓ કે જેઓને મંત્રીમંડળમાં શામેલ કરવામાં આવ્યા છે અથવા પ્રમોશન આપવામાં આવ્યું છે, તેઓને હવે કેબિનેટ સમિતિઓમાં પણ સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે મનસુખ માંડવીયા, સર્બાનંદ સોનોવાલ અને ભૂપેન્દ્ર યાદવ શામેલ છે.

પર્યાવરણ અને શ્રમ મંત્રાલય સંભાળી રહેલા ભૂપેન્દ્ર યાદવને રાજકીય બાબતોની કેબિનેટ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ સાથે બંદર પ્રધાન સર્વાનંદ સોનોવાલ, મનસુખ માંડવીયા, ગિરીરાજ સિંઘને પણ આ સમિતિમાં સ્થાન મળ્યું છે. સમિતિમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાનીને પણ શામેલ કરવામાં આવી હતી. કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા જ્યોતિરાદિત્ય સિંધિયાને પણ રોકાણ અને વૃદ્ધિ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ સાથે નારાયણ રાણે, અશ્વિની વૈષ્ણવ, કિરણ રિજિજુ, અનુરાગ ઠાકુરને પણ મહત્વની સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે.

તમને જણાવી દઈએ કે રવિશંકર પ્રસાદ, પ્રકાશ જાવડેકર જેવા મોટા નેતાઓ ફક્ત મોદી કેબિનેટની બહાર જ રહ્યા નથી, પરંતુ આ સમિતિઓમાંથી બહાર પણ થયા છે, ત્યારબાદ તેમની જગ્યાએ નવા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યા છે. સંસદીય બાબતોની સમિતિમાં અર્જુન મુંડા, વિરેન્દ્ર કુમાર, કિરન રિજિજુ, અનુરાગ ઠાકુરનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે આ સમિતિના અધ્યક્ષ રાજનાથ સિંહ છે.

### ૧૫ મી જુલાઇથી શરૂ થતી રીપીટર/ખાનગી/ પૃથ્થક ઉમેદવારોની

# ધો.-૧૦ અને ધો.-૧૨ ની બોર્ડ ની પરીક્ષાઓના સમયગાળા દરમિયાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા હુકમ

રાજપીપલા,તા.૧૨

નર્મદા જિલ્લામા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા દ્વારા લેવાનારી ધોરણ–૧૦ અને ધોરણ-૧૨ ની સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના રીપીટર/ખાનગી/ પૃથ્થક ઉમેદવારોની પરીક્ષાઓની વિશ્વસનીયતા વધે અને તેજસ્વી્ વિધાર્થીઓને ન્યાટય મળી રહે તથા પરીક્ષામાં ગેરરીતિ ન થાય તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એચ.કે.વ્યાસે તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા ઉક્ત પરીક્ષાઓના સમયગાળા દરમિયાન તા.૧૫ મી જુલાઇ,૨૦૨૧ થી તા.૨૮ મી જુલાઇ,૨૦૨૧ સુધી સવારના ૧૦=૦૦ કલાકથી બપોરના ૧:૧૫ કલાક અને બપોરે ૨:૩૦ કલાકથી સાંજના ૬=૦૦ કલાક સુધીના સમયગાળા માટે નિયત કરાયેલ પરીક્ષા કેન્દ્રોમાં બે સેશનમાં યોજાશે. જેમાં નર્મદા જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોમાં તેના માલીકો/સંચાલકો જાહેર પરીક્ષાને લગતાં કોઈપણ સાહિત્ય પ્રશ્નપત્ર, જવાબવહી તથા કાપલીઓની ઝેરોક્ષ નકલ કાઢી શકશે નહી.

તથા ઉક્ત પરીક્ષાના સમય દરમિયાન ઉક્ત પરીક્ષાના કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નર્મદા જિલ્લામાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોને તેઓના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા હુકમ ફરમાવ્યો છે.

આ જાહેરનામાની અમલવારી તા.૧૫/૦૭/૨૦૨૧ થી તા. ૨૮/૦૭/૨૦૨૧ સુધી કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે. આ હુકમનો ભંગ થયે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને હુકમનો ભંગ કરનાર સામે ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવ્યા છે. જ્યોતિ જગતાપ, રાજપીપલા


# ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર અને રાહુલ ગાંધી વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

*ન્યુ દિલ્હી,તા.૧૩*

ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે મંગળવારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સાથે તેમના દિલ્હી નિવાસ સ્થાને મુલાકાત કરી હતી. માનવામાં આવે છે કે આજની બેઠક પંજાબની ચૂંટણીને લઈને હતી. આ બેઠકમાં કોંગ્રેસ મહામંત્રી પ્રિયંકા ગાંધી સાથે હરીશ રાવત અને કેસી વેણુગોપાલ પણ હાજર રહ્યા. નોંધનિય છે કે કેટલાક મહિના પહેલા પંજાબના સીએમ અમરિંદર સિંહે પ્રશાંત કિશોરને પોતાના પ્રધાન સલાહકાર તરીકે નિયુક્ત કર્યા હતા ત્યાર બાદ ધારાસભ્યો અને અધિકારીઓ સાથે પ્રશાંત કિશોરે બેઠક પણ કરી હતી.

મળતી માહિતી મુજબ પ્રિયંકા ગાંધી લખનઉ જવાના હતા. પરંતુ તેમનો લખનઉ પ્રવાસ ૨ દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો છે. જો સૂત્રોની વાત માનીએ તો પંજાબને લઈને પાર્ટીમાં કેટલાક મોટા નિર્ણયો લેવામાં આવી શકે છે. આ અગાઉ પ્રશાંત કિશોર કેપ્ટન અમરિંદર સિંહને મળ્યા હતા. નોંધનિય છે કે નવજોત સિંહ સિદ્ધુના ટ્વીટ બાદ કોંગ્રેસમાં હલચલ વધી ગઈ છે.

પ્રશાંત કિશોર રાજકીય પક્ષો માટે ચૂંટણીની રણનીતિ તૈયાર કરે છે. આ અગાઉ તેઓ પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીના વ્યૂહરચનાકાર તરીકે કામ કરી રહ્યા હતા. તે તેમની વ્યૂહરચનાનું પરિણામ છે કે ટીએમસીને ૨૧૩ બેઠકો મળી, જ્યારે ભાજપને ૭૭ બેઠકો મળી. જ્યારે મોટાભાગના ચૂંટણી વિશ્લેષકો ભાજપ અને ટીએમસી વચ્ચે મોટી લડતની આગાહી કરી રહ્યા હતા ત્યારે પ્રશાંત કિશોરે ચૂંટણી પૂર્વે જ કહ્યું હતું કે જો ભાજપને ૧૦૦ થી વધુ બેઠકો મળે તો તે પોતાનું કામ છોડી દેશે. આ પહેલા તેઓ ઘણી વખત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારને પણ મળી ચૂક્યા છે.પ્રશાંત કિશોરની વ્યૂહાત્મક સફળતાને ધ્યાનમાં રાખીને શરદ પવાર ઈચ્છે છે કે તેઓ તેમની મદદ કરે. ત્યારે એવું કહેવામાં આવી રહ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણી માટે ભાજપ સામે તૈયારીઓ કરવામાં આવી રહી છે. આપને જણાવી દઈએ કે, પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં તૃણમુલ કોંગ્રેસની જીત અને તમિલનાડુમાં ડીએમકે ગઠબંધનમાં પ્રશાંત કિશોરે મહત્વની ભૂમિકા નિભાવી છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય, રચના
વિષય : " કથની - કરણી "' " સુખ : દુઃખ " વિષયક રચનાઓ. . દિવસ - ૨
ૃ.દ્ધફહક્કૈઅિક્કહ્લીજ.ર્ષ્દ્ધ

Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

Nog SS No - 0091
વિષયઃ-સુખ દુઃખ
પ્રકારઃ-પદ્ય (ગીત)
શીર્ષકઃ-ચડતી પડતી આવે

ચડતી પડતી આવે તમે ફાલ્યા ના ફુલાવ.
સારાં નરસાં દિવસો જગમાં આવે ને જાય.
સુખ અને દુઃખ બંને ભાઈ છે,
બંનેમાં શરત મુકાય છે,
સુખ કે છે હું મોટો, દુઃખ કે છે હું મોટો,
જોજો કોણ મોટુ થાય. ચડતી પડતી.....
પહેલાં સુખનો છે વારો, વધે અભિમાનનો પારો,
રાખે એવો રૂવાબ, જાણે જગનો નવાબ.
જોજો કોણ મોટું થાય. ચડતી પડતી...
ગાડી બંગલા ને મોટર વસાવ્યા,
ખોટાં મોજને શોખ કરાયા,
ન આપે માન પાન, નહીં દયાને દાન.
જોજો કોણ મોટું થાય. ચડતી પડતી...
પછી આવે દુઃખનો વારો, નથી સમય ભૂલાતો,
યાદ કરી દિવસ રાતો, આવે પસ્તાવાનો વારો.
જોજો કોણ મોટું થાય. ચડતી પડતી...
ગાડી બંગલા ને મોટર વેચાયા,
મોજશોખનાં ધતિંગ કરાયા,
નથી ઘરમાં ખાનપાન, નથી મળતાં માન પાન.
જોજો કોણ મોટું થાય. ચડતી પડતી...
સાચી કિંમત વસ્તુની થાય છે, શક્તિ ભક્તિની આજે સમજાય છે.
કુદરત આપે તમને જાણી, કદર તેની તમે ન જાણી.
જોજો કોણ મોટું થાય. ચડતી પડતી....
હવે એટલું તો સમજી જવાય છે કે દુઃખ પછી જ સુખ છવાય છે.
કરીએ પ્રભુની ભક્તિ એને કરીએ એજ વિનંતી.
કરજો ભુલો મારી માફ. ચડતી પડતી....

જિજ્ઞાસા યુ જોષી, "શુક"

---

NOG SS No : 0044
વિષયઃ- સુખ-દુઃખ, કરણી- કથની
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- પરમ સુખ

૧. માનાં ખોળામાં
પામ્યો પરમ સુખ
ભૂલાયું દર્દ.
૨. વરસ્યો મેઘ
પામી પરમ સુખ
ધરતી તૃપ્ત.
૩. વતન કાજે
થઈ શહીદ પામ્યો
પરમ સુખ.
૪. વરસ્યો મેહ
ધરતી પુત્ર પામતો
પરમ સુખ.
૫. જન્મી દીકરી
પામ્યાં પરમ સુખ
છૂટ્યાં મે'ણાંથી.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

N. O. G. SS NO - 0026
શીર્ષક : કથની - કરણી.
વિભાગ પદ્ય ( ગઝલ)
ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા. રમલ છંદ.

કથની કરણી રાખવાનું ખૂબ કપરું કામ છે.
જાતને વિસ્તારવાનું ખૂબ કપરું કામ છે.
બોલ મોટા બોલવામાં ક્યાં કદી ગુનો ઠર્યો?
પણ, વચન એ પાળવાનું ખૂબ કપરું કામ છે.
રાત લાંબી દુઃખ ભરીને અંત ના એનો કદી,
એ સમય અજવાળવાનું ખૂબ કપરું કામ છે.
બાવડાંમાં જોર તારા ને સમુંદર ઘૂઘવે,
ત્યાં કિનારો તાગવાનું ખૂબ કપરું કામ છે.
સો વચન જૂઠા કહીને વાહ વાહી લૂંટવી,
સત્ય સાથે ચાલવાનું ખૂબ કપરું કામ છે.
કથની જેવી રાખ કરણી એ બધુંયે શક્ય છે,
ખુદને એ સમજાવવાનું ખૂબ કપરું કામ છે.

અંજના ગાંધી "મૌનુ" ,વડોદરા

NOG SS No :100
વિભાગ : પદ્ય (અછાંદસ)
શીર્ષક સુખ દુઃખની લાકડી

જીવનભરનાં સુખદુઃખની વાતો મારે કહેવી છે ,
પગમાં પગરખાં સ્વપ્નોના રસ્તા ઊઠીને બોલશે.
સુખ સોહામણું છાયલ , દુઃખ ત્રોફેલ ડિલે છૂંદણું,
નાગણના દીધેલા ડંખ જિંદગીની કાયા બોલશે.
વેદનાને વલૂરી આવે વેગથી હૃદય વચ્ચે અંધકાર,
દુખ ભરી રાતની કથની તરફડી સવાર બોલશે.
એક સમય આવે માણસનાં સપનાને મસળી,
દાટેલી ઇચ્છા અભિલાષા મંશા યાતના બોલશે.
આગળ વિકટ સફર વર્ષોના છે વળતા પાણી ,
જિંદગી કેમ જીવાય જીવનની પરીક્ષા બોલશે.
જે ફરતો નથી એની યાત્રા કબૂલ થશે થાય છે,
સુખ દુઃખની લાકડી પર આખું નગર બોલશે.

બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

---

NOG SS NO - 0099
વિષયઃકથની-કરણી, સુખ-દુઃખ
પ્રકારઃ પદ્ય(ગીત)
શીર્ષકઃ વહેંચી લઈએ

કોઈનું જો દુઃખ હરીએ, કોઈને જો સુખ દઈએ,
પછી જે મળે તે આનંદ મનમાં વહેંચી લઈએ.
કર્મોનું ખાતું દુઃખ છે, કથની ઘણી કરુણ છે,
પુણ્યોનું ભાથું સુખ છે, સત્યની ઘણી જરુર છે.
સુખ જો મળે ના છકીએ, દુઃખને પચાવી જઈએ,
પછી જે મળે તે આનંદ મનમાં વહેંચી લઈએ.
દુઃખ વહેંચતાં ઘટે છે, મનનો એવો વહેમ છે,
સુખ વહેંચતાં વધે છે, ખુદાની એવી રહેમ છે.
સુખનો કરી ગુણાકાર પછી દુઃખને માણી લઈએ,
પછી જે મળે તે આનંદ મનમાં વહેંચી લઈએ.

ભાવના મિસ્ત્રી 'અભય' ,વલસાડ

## સમસ્ત મહાજન દ્વારા સમગ્ર ગુજરાતના તમામ પાંજરાપોળ,ગૌશાળાનાં પદાધીકારીઓ,જીવદયા પ્રેમીઓની શનિવારે એક ચિંતન શીબીરનું ધોલેરા ખાતે આયોજન

જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના અને જીવ માત્રને જીવાડવાની અંતરની મહેચ્છાઓ સાથે પશ્ચિમ ભારતમાં ૧૫૦૦ થી વધુ પાંજરાપોળોનાં ટ્રસ્ટીવર્યો અથાક પુરુષાર્થથી ૬ લાખથી વધુ અબોલ જીવોનું જીવનપર્યંત જતન કરે છે. આર્થિક વ્યવસ્થા, ઘાસચારાની ઉપલબ્ધતા, જમીન અંગેનાં કાયદાઓ વિગેરે અઢળક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે. આ પ્રશ્નો અંગેની વિષદ છણાવટ પૂર્વક ચર્ચા કરી નિર્ણયાત્મક ભૂમિકા ઉપર આવવા માટે તેમજ સ્વાવલંબન તરફ, પર્યાવરણ રક્ષા તરફ વળવા માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતની તમામ સંસ્થાઓનાં તમામ ટ્રસ્ટીઓને એકબીજાનો પરીચય થાય, એક બીજાની હૂંફ મળે અને એકબીજાનો સહકાર મળે તે માટે વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' નાં મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ અને સાથી ટીમના માર્ગદર્શનમાં સમસ્ત મહાજન (ગિરીશભાઈ શાહ મોઃ ૯૮૨૦૦ ૨૦૯૭૬) દ્વારા ગૌશાળા, પાંજરાપોળો, જીવદયા સંસ્થાઓના ટ્રસ્ટીઓ (એસ.પી.સી.એ)ના પદાધીકારીઓ, જીવદયાનાં ક્ષેત્રે કામ કરતા કાર્યકરો, સકળ શ્રી સંઘના ટ્રસ્ટીઓ, જીવદયાનાં કાર્યમાં દાન આપતાં દાનવીર ભામાશાઓ, પર્યાવરણ પ્રેમીઓ માટે એક દિવસીય ચિંતન શીબીરનું આયોજન તા.૧૭, જુલાઈ, શનીવારનાં રોજ ગોકુલગામ, આમલી, વટામણ-ધોલેરા રોડ ખાતે સવારે ૧૦-૦૦ કલાકથી સાંજના ૪-૦૦ કલાક સુધી કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, જાહેર જીવનમાં જીવદયાપ્રેમીઓનું પ્રદાન, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ—આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેનાં વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલનાં કાયદાઓનાં કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા-પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓનાં આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર, સંસ્થાઓને કાયમી સબસીડી સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત ચર્ચા કરાશે. કોરોના પ્રોટોકોલનાં સરકારી નિયમોનું પૂરતું પાલન કરીને સેનીટાઈઝરની વ્યવસ્થા, સોશ્યલ ડીસ્ટન્સ મેઈન્ટેઈન કરાવીને, માસ્ક અચૂક પહેરીને, અતિ વિશાળ જગ્યામાં આ મીટીંગ થશે. વિશેષ માહિતી માટે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ (મો.૯૮૨૦૦ ૨૦૯૭૬), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯), દેવેન્દ્ર જૈન (મો.૯૮૨૫ ૧૨૯૧૧૧) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## હું આજે વિચાર માં હતી...


દિપાલી લીમકર દીપ (યુ.એ.ઈ.)

અસમંજસ
મુંઝવણ
કેટ કેટલા વિચારો

દિલ માં ચાલતા કેટ કેટલા તોફાન અને અનેક પ્રશ્ન ના કદી ન મળતા જવાબ .

શુ જવાબ આપું હું?

હું મધુમિતા ...ઉંમર ના ૪૦ પછીના પડાવ પર આવો સુંદર મુકામ પણ આવે એવી કલ્પના ન હતી.

દરેક સ્ત્રી ના જીવન માં યુવાની ના વમળો બે વાર આવે છે. એક એનો યુવાની માં પગ મુકતા જ ૧૮ વર્ષે થતો મુગ્ધ આકર્ષણ નો પ્રેમ અને ત્યારબાદ ચાલીસી વટાવ્યા બાદ થતો પરિપક્વ પ્રેમ .

અઢાર ની ઉંમરે કોલેજ માં મને અનાહત ગમ્યો. એને પણ હું ગમી ગયી. જો કે મારા માં પ્રભુ એ સુંદરતા ઠાંસી ઠાંસી ને ભરી હતી. એટલે જેને હું ઈચ્છું એને મારા પ્રેમ માં ડુબાડી દઉં. એટલે થોડા પ્રયત્નો માં તો કોલેજ ના અનાહતે મને સામેથી પ્રોપોસ કરી જ દીધું. અને હું તો તૈયાર જ હતી.

અમે બંને એક જ સમાજ ના. બંને ના માતા પિતા સમાજ માં પ્રતિષ્ઠિત. એટલે કોલેજ પુરી થતા તરત જ અમારી બંને ની ઈચ્છા અનુસાર અમે મંગલ પરિણય માં બંધાઈ ગયા.

અને પછી એ જ રૂટિન બીબાઢાળ જિંદગી. અનાહત મને ખુબ જ પ્રેમ કરતો. આજે પણ કરે જ છે. શરૂઆત માં હર્યા ફર્યા , અનાહતે શક્ય એટલા સુખ આપ્યા. કપડાં જવેલરી ની કોઈ કમી નથી.

સ્ત્રી ના જીવન માં આવતા વિવિધ સ્ટેશન ની જેમ એક સુંદર દીકરી અને દીકરા ની સુંદર મમ્મી બની ગયી. અને આજે દીકરી કોલેજ ના ફાઈનલ યર માં આવી ગયી અને હું લગભગ ચાલીસી વટાવી ગયી. પણ સુંદરતા અને ફિગર હજી અકબંધ રાખ્યું છે.

અનાહત એના બિઝનેસ માં બિઝી, અને દીકરી બીજા શહેર માં ભણવા માટે ગયી. એટલે આખો દિવસ કામ અને પરિવાર માંથી પરવારી જતી હતી.

મારી ફેસબુક પ્રોફાઈલ આકર્ષક હતી. હું વારે વારે મારા ફોટા મૂકી દરરોજ એક મુગ્ધા ટીનેજર્ ની જેમ રાહ જોતી કે મને કેટલી લાઈક મળે અને કેટલી કૉમેન્ટ મળે.

આજે પણ મારા ફોટાઓ ને ટીનેજર છોકરા ઓ ની ઢગલો લાઈક મારા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર મળે. અને કેટલા એ ૨૨ વર્ષ ના છોકરાઓ થી લઈને ૫૦ વર્ષ ના મેચ્યોર પુરુષો મને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલે છે.

ઘરે આમ પણ ફ્રી જ હોઉં. મારા યોગા સેસન, ધ્યાન, વૉકિંગ , રસોઈ, ઘરના કામ એ બધું પૂરું કરતા પણ મને ઘણો સમય મળતો.કારણકે અનાહત એના ધંધા માં એટલો ગળાડૂબ હતો કે દરરોજ લગભગ સવારે ૯ વાગ્યે જાય ૧૦ વાગ્યે રાત્રે આવે અને કદાચ કેટલા એ સમય થી અમે એકબીજા સાથે સમય જ નથી વિતાવ્યો.

એટલે મારા ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર આવતા કે મારા સુંદર પિક પર કૉમેન્ટ કરતા છોકરાઓ કે પુરુષો સાથે વાત કરી ને સમય પસાર કરું છું.

× તમે ખૂબ જ સુંદર દેખાઓ છો ×

× તમે મારી ફ્રેન્ડ બનશો ×

×મારી સાથે કોફી પીવા આવશો ×

×મારે તમારો મીઠો અવાજ સાંભળવો છે ×

આવી અનેક રિકવેસ્ટ આવે એટલે થોડો સમય બધા સાથે વાતો કરું

એક તો મારો સ્ત્રી તરીકે નો ઈગો સેટીસફાય થાય. કે હું હજી સુંદર છું..અને મારી પાછળ હજી પણ કેટલા બધા પુરુષો પાગલ છે. અથવા તો સીધું જ કહું તો દરેક ઉંમરે સ્ત્રી એ ઈચ્છા તો કરેજ કે પુરુષો એની પાછળ પડે, એના રૂપ અને ફિગર ના વખાણ કરે, ડ્રેસિંગ સેન્સ ના વખાણ કરે.

દરેક ઉંમરે સ્ત્રી મન થી તો યુવાન જ હોય.

મારુ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક નું મેસેન્જર

સવારે ×ગુડ મોર્નિંગ×થી લઈ ને રાત્રે ×ગુડનાઈટ × ના મેસેજ થી ભરાઈ જાય. વચ્ચે વચ્ચે મારા ટીન એજર એકતરફી પ્રેમી આખો દિવસ ×મારી બેબી જમી×

×મારી બેબી શુ કરે×

×બેબી આઈ લવ યુ ×

ના મેસેજ કરે. અને એ વાંચી ને મારુ યૌવન વધતું જ જાય અને સુંદરતા વધતી જાય.

થોડો સમય વારાફરતી બધા પુરુષો સાથે વાતો કરું છું. આ રીતે મારો આખો દિવસ અને મન નો ખાલીપો પૂરવાનો પ્રયત્ન કરું.

હા પણ એવા એ લંપટ પુરુષો મળે...

જે રાત્રે અભદ્ર મેસેજ કે માંગણી ઓ કરે એને એક જ ઝાટકે બ્લોક કરી જ દઉં છું.

વાતો કરવાની પણ કોઈ ને લિમિટ નહીં ક્રોસ કરવા દઉં.

×નિયતિ તમને યાદ છે આજે આપણી મુલાકાત ને એક વર્ષ થયું. મને પણ યાદ ન હતું ફેસબુક માં ફ્રેન્ડવર્સરી આવી એટલે યાદ આવ્યું.

છેલ્લા એક વર્ષ માં માત્ર હાઈ હલો થી શરૂ થયેલ વાતો , અને આજે આખો દિવસ આપણે સવાર થી સાંજ ફેસબુક મેસેન્જર પર ×તમે જમ્યા થી તબિયત કેવી છે× × કયું ગીત ગમે છે × ×કયો કલર ગમે × ×કોફી ગમે કે જ્યુસ×

×કેવો કલર નો ડ્રેસ પેહરુ આજે × × ગરબા નો શોખ ×

×આજે ઢોકળા બનાવ્યા, દેરાણી સાથે ઝઘડો થયો× × અનાહત ના સ્વભાવ ની અંગત વાતો× × મારી પત્ની સાથેના સંબંધ ×

આવી અનેક વાતો આપણે દરરોજ શેર કરીયે છીએ. જાણે તમારી અને મારી સવાર થી સાંજ એક બીજા માં વણાઈ ગયી છે × ×એટલે જ કદાચ હું તમારા પ્રેમ માં છું. × હું બીજું કશું નથી માંગતો, બસ જીવનભર તમારો સાથ માંગુ છું × કદી પણ તમને રૂબરૂ મળવાની કે અન્ય કોઈ જબરજસ્તી નહીં કરું. તમારી મર્યાદા અને પરિવાર ની જવાબદારીઓ ને અસર કરયા વગર જીવનભર સાથે રહો × ×

× મારા આઈ લવ યુ ના જવાબ ની રાહ જોઈશ ×

હા કહેશો તો આનંદ થશે અને ના કહો તો રાહ જોઈશ જીવનભર ×

×અને તમારી ઈચ્છા હશે તો તમને છોડી ને જતો રહીશ. ×

અથર્વ ના આ મેસેજ થી હું દિલ માં તોફાન મચી ગયુ છે. એની વાત સાચી હતી. અમે લગભગ છેલ્લા દોઢ વર્ષ થી સાથે જ હતા. માત્ર મેસેન્જર જ અમારા સંપર્ક નો એક માત્ર આધાર. અથર્વ સાથે હું દરેક વાતો સંગેર કરતી અને એ પણ મને બધું જ કહેતો. હા અમને બંને ને એક બીજ સાથે વાતો કરવાનું ગમતું હતું. પણ અમે નજીક રહેવા છતાં એક બીના ને કદી રૂબરૂ મળવાની કે કોઈ શારીરિક સંબંધો વિશે કશું જ ડિસ્કસ નહોતું કર્યું.

ખૂબ જ નિર્મળ મિત્રતા થી ઉપર અને પ્રેમ ની ભેદરેખા વચ્ચે ચાલતો સંબંધ હતો.

શુ એનો પ્રસ્તાવ સ્વીકારું ? શુ હું મારા અનાહત સાથે, મારા દીકરા દીકરી ઓ સાથે અન્યાય તો નથી કરી રહી ને ? શુ મને મારી સ્વતંત્ર ઝીંદગી જીવવાનો અધિકાર નથી ? મેં મારા જીવન ના તમામ વર્ષો પરિવાર બનાવવામાં કાઢ્યા, તો શું હું મારી રીતે સ્વતંત્ર લાગણી ઓ ન વહાવી શકું ?× આવા તમામ વિચારો એ મને ઘેરી લીધી. મન બેચેન થયી ગયું.

હું મારું જીવન , અનાહત અને અથર્વ ની સરખામણી કરી રહી હતી. શુ મારે મારો પ્રેમ વેહચવો જોઈએ ?કે પછી અથર્વ ને બ્લોક કરી દઉં. વિચારો ના તોફાન ચાલી રહ્યા હતા.

અથર્વ ને અનેક વાર આખા દિવસ માં બ્લોક કર્યો અને પછી અનબ્લોક કર્યો.

રાત્રે આ મેસજ બાદ બીજા દિવસ ની સાંજ થવા આવી પણ અથર્વ નો બીજો મેસેજ ન આવ્યો.

હું એકદમ બેચેન થયી ઉઠી. વારંવાર આંગળીઓ ઉઠી અથર્વ મેં મેસેજ કરવા. પણ હું ન કરી શકી.

× મને માફ કરજો. મારે આ સંબંધ ને કોઈ નામ નથી આપવું. આપણે જેમ છીએ એમ બરાબર છીએ. બસ મારાથી દૂર ન જતા. મને છોડી ન જતા. શક્ય હોય તો માફ કરજો× અથર્વ નો મેસેજ મારા મોબાઈલ ના નોટિફિકેશન માં ઝમક્યો.

વાહ...મારુ મન આનંદિત થયી ઉઠ્યું. જાણે આ જ પલ નો ઈનતેજાર હતો...

×આઈ લવ યુ ટુ, અને હું પણ તને ગુમાવવા નથી માંગતી, નસીબ માં.હશે તો રૂબરૂ માં મળીશું , અન્યથા આપણી બંને ની મર્યાદા સાથે એકબીજા ને સુખ દુઃખ માં સાથ આપીશું × મારી આંગળી ઓ પણ મારી યુવાની ની જેમ મોબાઈલ ના કી પેડ પર નૃત્ય કરી રહી હતી.

## અમેરીકાના કેલિફોર્નિયા - અર્વાઈન શ્રીનાથજી હવેલી ખાતે ઉજવાયો કેરી મનોરથ....

' વૈષ્ણવ સમાજ ઑફ સઘન કેલિફોર્નિયા ' અર્વાઈન ખાતે શનિવાર તા. ૩ જી જુલાઈના રોજ સાંજના ' કેરી મનોરથ ' ની ઉજવણી કરવામાં આવી હતી.

સ્વદેશે જેઠ માસમાં વરસાદ પૂર્વે અમ?ત ફળ એવી કેરીનું અદકેરૂ મહત્વ રહેલું છે. તેથીજ જેઠ માસની શરૂઆતમાં શ્રીનાથજી બાવાને પાકી કેરીની ભેટ ધરવામાં આવે છે. જેથી ભાવિક વૈષ્ણવો મોટા પ્રમાણમાં કેરીનાં બોક્ષ અર્પણ કરેછે.

આગળના દિવસે કેરીની સુંદર સજાવટ કરવામાં આવે છે અને સાંજના તેના દર્શન અને આરતી વગેરે કરવામાં આવે છે.

આરતી વગેરે પત્યા બાદ સૌ વૈષ્ણવો આ શ્રીનાથજી ને ધરાવેલ કેરીનો પ્રસાદ ગ્રહણ કરે છે અને દરેક વૈષ્ણવોને ઘરે લઈ જવા કેરીઓ આપવામાં આવે છે. પ્રભુને ધરાવેલ કેરીઓ પ્રસાદ સ્વરૂપે આરોગી સૌ ધન્યતા અનુંભવે છે.

આ પ્રસંગે કેરીના શુશોભન કાર્યમાં શ્રી નીશીથ શાહ,હર્ષા શાહ,ઉદય શાહ,શીતલ શાહ,નિશિદ પટેલ,હિતેશ હાંસલિયા વગેરે એ ખૂબજ જહેમત ઉઠાવી હતી.

( માહિતીઃ- ગુણવંતભાઈ પટેલ અને તસ્વિરઃ- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

## મોડાસા : ઓટો રીક્ષામાંથી બેટરી ચોરી કરનાર યુવકને ટાઉન પોલીસે દબોચ્યો

અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરમાં ગટરના ઢાંકણ ચોરતી અને વાહનોના સ્પેર-પાર્ટ ચોરતી ગેંગ સક્રીય થઈ છે મોડાસા ટાઉન પોલીસ ચાર રસ્તા પોલીસ ચોકી સામે આવેલ સંસ્કૃત પાઠશાળા નજીક ઉભી રહેતી ૪ રીક્ષામાંથી બેટરી ચોરી થવાની ઘટના બનતા ટાઉન પીઆઈ એન.જી.ગોહીલ અને તેમની ટીમે મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં રહેતા બેટરી ચોર અલ્પીત ઉર્ફે અલ્પો ભરતભાઈ રાવળને ગણતરીના દિવસોમાં ઝડપી પાડી બેટરી ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો અત્રે ઉલ્લેખનીય છે કે બેટરી ચોર અલ્પો રાવળ રીક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતો હોવાથી અન્ય રીક્ષા ચાલકો પણ અચંબીત બન્યા હતા

મોડાસા શહેરના ચાર રસ્તા માલપુર રોડ પર સંસ્કૃત પાઠશાળા નજીક ઓટો રિક્ષા ચાલકો તેમની રીક્ષા મૂકી રાખે છે રાત્રે પણ આ સ્થળે અનેક રીક્ષાઓ રીક્ષા ચાલક મૂકી ઘરે જતા હોય છે ત્યારે ૪ રીક્ષામાંથી એકી સાથે બેટરી ચોરવાની ઘટના બનતા રીક્ષા ચાલકોએ ટાઉન પોલીસ સ્ટેશન બેટરી ચોરીનો ગુન્હો નોંધાવ્યો હતો ટાઉન પોલીસે રીક્ષામાંથી બેટરી ચોરી કરનાર ચોરને ઝડપી પાડવા બાતમીદારો સક્રીય કરતા સર્વોદય નગરમાં રહેતો રીક્ષા ચાલક અલ્પીત ઉર્ફે અલ્પો ભરતભાઈ રાવળ તેની રિક્ષામાં ચોરી કરેલ બેટરી ઘરે લાવ્યો હોવાની બાતમી મળતા રથયાત્રા પેટ્રોલીંગમાં રહેલી પોલીસ સર્વોદય નગર (ડુંગરી) માં અલ્પીત રાવળના ઘરે ત્રાટકી દબોચી લીધો હતો અને સઘન પૂછપરછ કરતા તેને બેટરી ચોરી કર્યાની કબૂલાત કરી લેતા પોલીસે યુવક પાસેથી ૪ બેટરી કી.રૂ.૧૨૦૦૦/- તેમજ બેટરી ચોરી કરવા ઉપયોગમાં લીધેલ રીક્ષા કબ્જે કરી ૯૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરી અલ્પીત ઉર્ફે અલ્પો ભરતભાઈ રાવળને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

## ૪૫ની ઉંમર પછી જો સુખી રહેવુ હોય તો

મૂર્ખ સામે મૌન ધારણ કરવું. જ્ઞાનીને ખૂબજ આદરપૂર્વક સાંભળવા. બાકી સર્વેને ફક્ત ગરિમાપૂર્ણ સ્મિત આપવું. કોઈનામાં દખલ કરવી નહીં અને કોઈને આપણી સ્વતંત્રતામાં દખલ કરવા દેવી નહીં. કોઈ પણ સંકોચ વગર સ્મિત સાથે પ્રણામ, આભાર ત્થા સોરી શબ્દનો ઉપયોગ કરવો.

લોકો આપણા માટે શું ધારશે તેની ચિંતા છોડી દેવી. કોઈના આદર કે માનપાન પામવાની મથામણમાં પણ પડવું નહીં. સફળ વ્યક્તિ ઈર્ષા નોતરે છે અને નિષ્ફળ વ્યક્તિ ટીકા તથા મજાક નોતરે છે. માટે સામાજિક પ્રમાણપત્રોને તકલાદી ગણવા. શરીર, સમય, સંપતિ અને સંબંધો અલ્પકાલીન છે, તે જાગરૂકતાથી સ્વીકારી આપણને જે પ્રાપ્ત થયું છે તેને યથાયોગ્ય ગણવું.

પૈસા, સમાજ અને કુટુંબથી પણ વિશેષ મૂલ્યવાન આપણું શેષ જીવન છે. આ સમય જ આપણા જીવનની અંતિમ ઈમપ્રિન્ટ તૈયાર કરશે. માટે આપણી કાર્યશીલતા, તંદુરસ્તી, શોખ, વૈચારિક, આધ્યાત્મિક અને આંતરીક શક્તિને ઉચ્ચ સ્તરે વિકસિત કરવા માટે અધિક સમય આપવો. અકારણ બિચારાપણુ વ્યક્ત કરવું નહીં. ટીકા ટિપ્પણીથી દુર રહેવુ. કુદરત પર અતૂટ વિશ્વાસ રાખી ફક્ત દ્રષ્ટાભાવે પરમ આનંદ અને શાંતિની પૂર્ણ અનુભૂતિ કરવી.

# રાજપીપલા ખાતે નર્મદા પોલીસના જવાનોએ દોરડાથી ભગવાનનો રથ ખેંચ્યો



રાજપીપલા, તા.૧૨

રાજપીપલા ખાતે રથયાત્રા દરમ્યાન નર્મદા પોલીસના જવાનોએ દોરડાથી ભગવાનનો રથ ખેંચી ફરજ સાથે ભક્તિના અનોખા દર્શન કરાવ્યા હતા.

નર્મદા પોલીસ પણ ભગવાનના દર્શન સેવામા સહભાગી બની તમામ પોલીસ જાવાનોએ દોરડાથી ભગવાનનો રથ ખેંચ્યો હતા.

ડીવાયએસપી રાજેશ પરમાર ના સૂચનાથી પી.એસ. આઈ કે .કે .પાઠક ના નેતૃત્વમાં પોલીસના જવાનો સાથે પીએસઆઇ પાઠક અને સમગ્ર પોલીસ જવાનોએ ભગવાન જગન્નાથનો રથ ખેંચી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે ખરેખર પોલીસ પ્રજાનો સાચો મિત્ર છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ધન્વન્તરી આરોગ્ય રથ સાબરકાંઠા ને ચાર વર્ષ પુર્ણ થતા શ્રમિકો સાથે કેક કાપી ઉજવણી કરવામાં આવી




ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ તથા જી.વી.કે.ઇ.એમ.આર.આઇ દ્વારા બાંધકામ સાઇટ પર કામ કરતા શ્રમજીવીઓ નુ આરોગ્ય સારુ રહે એ હેતુથી આજથી ચાર વર્ષ અગાઉ હિંમતનગર ખાતે શરુ કરવામાં આવી હતી. આજ રોજ ધન્વન્તરી રથ ને ચાર વર્ષ પુર્ણ થતા હોઇ સાબરકાંઠા જીલ્લા આસી. કલેક્ટર શ્રીમતિ નિધિ સિવાચ (IAS) તથા બોર્ડ ના પ્રોજેક્ટ મેનેજર શ્રીમતિ સેજલબેન નાયી તથા હરેશભાઇ મેઘા હાજર રહી શ્રમિકો સાથે કેક કાપી ઉજવણી કરવામાં આવી .ધન્વન્તરી રથ મા ફરજ બજાવતા ડોક્ટર, ફાર્માસીસ્ટ,લેબ ટેક્નિશિયન, પેરામેડીક, પાયલોટ દ્વારા આ ચાર વર્ષ દરમ્યાન જિલ્લા ની વિવિધ ૭૩૫૪ જેટલી બાંધકામ સાઇટ પર જઈને ૯૪૦૫૬ જેટલા શ્રમિકો નુ મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યુ , સાથે ૨૧૧૫૨ જેટલા લેબોરેટરી ટેસ્ટ કરવામા આવ્યા છે.

છેલ્લા એક વર્ષ દરમિયાન ધન્વન્તરી આરોગ્ય રથ ની ટીમ દ્વારા કોરોના ની પ્રથમ અને બીજી લહેર દરમિયાન પણ હિંમતનગર શહેર ના કન્ટેન્ટમેન્ટ એરીયા મા જઈને કોરોના ના રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, તેમજ જરુરી સારવાર પુરી પાડવામાં આવી હતી.

# નર્મદામા મોસમના કુલ વરસાદમાં તિલકવાડા તાલુકો–૨૯૧ મિ.મિ. વરસાદ સાથે જિલ્લામાં મોખરે



રાજપીપલા,તા ૧૨

નર્મદા જિલ્લાઽમાં તા.૧૩ મી જુલાઇ, ૨૦૨૧ ને મંગળવારના રોજ સવારના ૬=૦૦ કલાકે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તિલકવાડા તાલુકામાં-૧૮ મિ.મિ., નાંદોદ તાલુકામાં—૧૨ મિ.મિ., દેડીયાપાડા તાલુકામાં-૦૪ મિ.મિ. ગરૂડેશ્વર તાલુકામાં- ૦૨ અને સાગબારા તાલુકામાં-૦૨ મિ.મિ. વરસાદ નોંધાયો હોવાના અહેવાલ નર્મદા જિલ્લાં પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે. નર્મદા જિલ્લાલમાં આજદિન સુધી સરેરાશ-૨૦૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે. જિલ્લોમાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઇએ તો તિલકવાડા તાલુકો-૨૯૧ મિ.મિ. વરસાદ સાથે જિલ્લામાં મોખરાનાં સ્થાને રહ્યો છે. જ્યારે દેડીયાપાડા તાલુકો-૨૮૨ મિ.મિ સાથે દ્વિતિય સ્થાને, નાંદોદ તાલુકો-૨૨૮ મિ.મિ. સાથે તૃતિય સ્થાને, ગરૂડેશ્વર તાલુકો-૧૨૬ મિ.મિ. સાથે ચોથા સ્થાને અને સાગબારા તાલુકો-૧૦૦ મિ.મિ. વરસાદ સાથે પાંચમાં સ્થાને રહેવા પામ્યો છે.

જિલ્લાના વિવિધ ડેમોની સપાટીની પરિસ્થિતિ જોઇએ તો નર્મદા ડેમ તેની ભયજનક સપાટી-૧૩૮.૬૮ મીટરની સામે-૧૧૩.૭૬ મીટર, કરજણ ડેમ તેની ભયજનક સપાટી-૧૧૬.૧૧ મીટરની સામે-૧૦૨.૦૭ મીટર, નાના કાકડીઆંબા ડેમ તેની ભયજનક સપાટી-૧૮૭.૭૮ મીટરની સામે-૧૭૯.૩૫ મીટર અને ચોપડવાવ ડેમ તેની ભયજનક સપાટી-૧૮૭.૪૧ મીટરની સામે-૧૭૯.૫૦ મીટરની સપાટી રહેવા પામી છે, જ્યારે નર્મદા નદીનું ગરૂડેશ્વર પાસેના ગેજ લેવલની ભયજનક સપાટી-૩૧.૦૯ મીટરની સામે ૧૩.૩૬ મીટર હોવાના અહેવાલ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## રાજપીપલા ખાતે તા. ૧૪ મી થી તા.૨૯ મી જુલાઇ સુધી મો.નં.૯૯૨૪૩૭૭૪૦૮ ઉપર જિલ્લા પરીક્ષા કંટ્રોલ રૂમ કાર્યરત

# નર્મદા જિલ્લામાં તા.૧૫ મી જુલાઇથી ધો.૧૦ અને ૧૨ ના રિપીટર વિદ્યાર્થીઓ માટેની બોર્ડની જાહેર પરીક્ષાઓનો થનારો પ્રારંભ

રાજપીપળા–તા૧૨

આગામી તા.૧૫ મી જુલાઇ,૨૦૨૧ થી રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) સામાન્યજ– વિજ્ઞાન પ્રવાહના રિપીટર વિદ્યાર્થીઓ માટેની જાહેર પરીક્ષાઓ નર્મદા જિલ્લામાં સંપૂર્ણ સુચારૂ રીતે લેવાય અને વિદ્યાર્થીઓ નિર્ભિકપણે પરીક્ષામાં ભાગ લેવા સાથે આ પરીક્ષાઓ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જિલ્લાઓ કલેક્ટરશ્રી ડી.એ. શાહના માર્ગદર્શન હેઠળ નિવાસી અધિક કલેક્ટર એચ.કે.વ્યાસના અધ્યક્ષપદે ગઇકાલે રાજપીપલા કલેકટરાલય ખાતે જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની યોજાયેલી બેઠકમાં જિલ્લા વહિવટીતંત્ર-પરીક્ષાતંત્ર દ્વારા ઘડી કઢાયેલા સુચારા એક્શન પ્લાન મુજબ પરીક્ષા કામગીરી સાથે સંકળાયેલા સૌ કોઇને સોંપાયેલી પરીક્ષાલક્ષી કામગીરી ચોકસાઇપૂર્વક કરવાની સાથે જે તે જવાબદારી સુપેરે નિભાવવા શ્રી વ્યાસે ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જયેશ પટેલ, શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી મહેશભાઇ પટેલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી એમ.જી.શેખ, આચાર્ય સંઘના પ્રમુખશ્રી યોગેશભાઇ ભાલાણી, પ્રાંત અધિકારીશ્રી કે.ડી.ભગત, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક સુશ્રી સી.એન.ચૌધરી, એસ.ટી. ડેપો મેનેજરશ્રી પી.પી.ધામા, ડીજીવીસીએલના કાર્યપાલક ઇજનેરશ્રી પટેલ ઉપરાંત સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓઅને સમિતિના સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉક્ત બેઠકમાં ચર્ચા દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી જયેશ પટેલે જણાવ્યું હતું કે, આ પરીક્ષા સંબંધી આગોતરી તમામ પ્રકારની તૈયારીઓ અને આયોજન સરકારની કોવિડ-૧૯ ની માર્ગદર્શિકા અને S.O.P. ને ધ્યાનમાં રાખીને કરાયેલ છે. ધો.૧૦ SSC ના પરીક્ષા કેન્દ્રો જિલ્લાના તમામ તાલુકા મથકે ફાળવેલ છે, જ્યારે ધો.૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના પરીક્ષા કેન્દ્રો જિલ્લા મથક રાજપીપલા ખાતે ફાળવવામાં આવેલ છે. હાલની કોવિડ-૧૯ ની પરિસ્થિતિ મુજબ S.O.P. ની ગાઇડલાઇનનું સંપૂર્ણપણે પાલન કરવાની પરીક્ષાના સ્થળ સંચાલકો અને કર્મચારીઓને સૂચના અપાઇ છે તેમજ વિદ્યાર્થીઓની હોલ ટિકીટમાં તમામ સૂચના વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા અપાયેલ છે, તે પૈકી પરીક્ષા શરૂ થયા બાદ જો વિદ્યાર્થી મોડા પડે તો પણ પરીક્ષા શરૂ થયાના સમયથી ૩૦ મિનીટ સુધીનાં સમયગાળામાં વિદ્યાર્થીને પરીક્ષા ખંડમાં પ્રવેશ અપાશે,જેની વિદ્યાર્થીઓને ખાસ નોધ લેવા વિનંતી કરાઇ છે.

બોર્ડની આ જાહેર પરીક્ષાઓ દરમિયાન પરીક્ષાર્થીઓને કોઇપણ પ્રકારનો વિક્ષેપ કે મુશ્કેલી ન પડે અને વિદ્યાર્થીઓ નિર્ભિકપણે પરીક્ષા આપી શકે તે માટે જિલ્લાવના એસ.ટી., પોલીસ, વિજ, આરોગ્ય જેવા વિભાગોને વિશેષ લક્ષ આપી ખાસ તકેદારી રાખવાની પણ વિશેષ સૂચનાઓ જિલ્લા પ્રસાશન ધ્વારા અપાઇ છે.

બેઠકમાં અપાયેલી જાણકારી મુજબ બોર્ડની આ જાહેર પરીક્ષાઓમાં જિલ્લા ભરમાંથી કુલ-૫,૭૭૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે, જેમાં ધોરણ-૧૦ SSC માં જિલ્લામાં ૦૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૩,૬૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે અને તે માટે ૧૫ પરીક્ષા બિલ્ડીંગોમાં ૧૮૫ બ્લોક નક્કી કરાયા છે. જ્યારે ધોરણ- ૧૨ HSC સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૧ પરીક્ષા કેન્દ્ર ખાતે ૧,૪૩૮ પરીક્ષાર્થીઓ બેસશે, જે માટે ૦૪ બિલ્ડીગમાં ૭૨ બ્લોક નક્કી કરાયા છે. તેવી જ રીતે ધોરણ- ૧૨ HSC વિજ્ઞાન પ્રવાહના રાજપીપલા ખાતેના ૦૧ પરીક્ષા કેન્દ્રના ૩૩ બ્લોક નક્કી કરાંયા છે, જેમાં ૬૪૭ વિદ્યારથીઓ ૦૪ બિલ્ડીંગમાં પરીક્ષા આપશે.

જિલ્લાકક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં જિલ્લા પરીક્ષા કંટ્રોલ રૂમ તા.૧૪ મી



જુલાઇ,૨૦૨૧ થી તા.૨૯ મી જુલાઇ,૨૦૨૧ સુધી સવારના ૭=૦૦ થી રાત્રીના ૮=૦૦ સુધી કાર્યરત કરાયેલ છે. આ કંટ્રોલ રૂમ ખાતે વિદ્યાર્થી-વાલીઓને પરીક્ષા સંબધી જરૂરી વિગતો અને જાણકારી અંગે માર્ગદર્શન ઉપરાંત કાઉન્સેલીગ સેવાઓ ઉપલબ્ધ થશે. તેવી જ રીતે જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતેથી પણ કાઉન્સેલીગ સેવાઓ ઉપલબ્ધ થશે. જિલ્લામાં આ પરીક્ષાઓ દરમિયાન ગેરરીતિઓ આચરાય નહિ અને સુલેહ-શાંતિ જળવાઇ રહે તે માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા અમલમાં મુકાયેલા જરૂરી એવા તમામ પ્રતિબંધાત્મક આદેશોના અમલીકરણમાં વિદ્યાર્થીઓ–વાલીઓ સહિત સૌ કોઇને જરૂરી સહયોગ આપવા જિલ્લાં વહિવટીતંત્ર-પરીક્ષાતંત્ર તરફથી જાહેર અપીલ કરાઇ છે.

બોર્ડની આ જાહેર પરીક્ષાઓમાં તમામ બ્લોકકમાં ઝઝ્ફ કેમેરા લગાડવામાં આવેલ હોઇ, ગેરરીતી કરનાર કે કરાવનાર કોઇપણ વ્યંકિત કેમેરામાં કેદ થઇ જશે. કેમેરાના ફુટેજના આધારે આવી વ્યૂકિતઓ સામે નિયમાનુસાર શિક્ષાત્મયક કાર્યવાહી કરવામાં આવશે. જેની સંબંધકર્તા તમામને નોંધ લેવા જાહેર અનુરોધ કરાયો છે.

તસ્વીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

## શ્રી સ્વામિનારાયણ મંદિર,અડાલજ દ્વારા રૂપિયા ૧૧ કરોડના ખર્ચે

# નવનિર્મિત શારદા-મણી કોમ્યુનિટી સેન્ટરનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે કરાયું

ગાંધીનગર

ગુજરાતની સંસ્કારિતાને ધબકતી રાખવાનું કામ સ્વામિનારાયણ જેવી અન્ય ધાર્મિક સંસ્થાઓ કરી રહી છે, તેવું આજરોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, અડાલજ દ્વારા અધયતન સુવિધા સાથેના શારદા-મણી કોમ્યુનિટી સેન્ટરનું લોકાર્પણ કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું.




કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે વધુમાં ઉમેર્યું હતું કે, સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સમાજમાં સંસ્કારના સિંચન સાથે સાથે વ્યક્તિ ઘડતરનું પણ કામ કરી રહી છે. સ્વામિનારાયણ મંદિર, અડાલજ દ્વારા રૂપિયા ૧૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલું કોમ્યુનિટી સેન્ટર આસપાસના લોકોને અનેક રીતે લોક ઉપયોગી બની રહેશે. તેમજ મંદિરની સેવાકીય પ્રવૃત્તિ થકી આ વિસ્તારમાં આ ટ્રસ્ટ ઉર્જાનું કેન્દ્ર બનશે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અડાલજની વાવથી વિશ્વ પ્રસિધ્ધ બનેલા અડાલજની વાવ જોવા દેશના વિવિધ પ્રાંત અને વિશ્વમાંથી લોકો આવે તે પ્રકારનું આકર્ષણ ઉભું કરવામાં તત્કાલિન મુખ્ય મંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રચાર કર્યો છે. તેમજ અડાલજ વાવ આસપાસ અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

કોરોના સામે સમગ્ર વિશ્વ સાથેસાથે ભારત દેશ પણ લડી રહ્યું છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, કેટલાય વ્યક્તિઓમાં કોરોનાની રસી લેવાને લઇ અનેક પ્રશ્નો અને અંધશ્રદ્ઘા જેવા મળી રહી છે, તેને દૂર કરવાના ઉમદા કાર્યમાં જોતરાવા ઉપસ્થિત સર્વે આમંત્રિત મહેમાનોને અપીલ કરી હતી. કોરોનાની રસીકરણ કાર્યક્રમ સઘન બનાવવા માટે સમાજના અગ્રણીઓ, સમાજિક ટ્રસ્ટોએ લોક જાગૃતિના કાર્યમાં જોડાવવું જોઇએ.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે સ્વામિનારાયણ ટ્રસ્ટ, અડાલજ દ્વારા રૂપિયા ૧૧ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ ૨૨૦૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા કોમ્યુનિટી સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિર, અડાલજના ટ્રસ્ટી અને રાજયસભાના સાંસદ શ્રી નરહરિભાઇ અમીન દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી કોમ્યુનિટી સેન્ટરની ઉપયોગિતા અને અન્ય વિવિધ કામોની વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રુપાણી, ગુજરાત ભાજપના અધ્યક્ષ અને સાંસદ શ્રી સી.આર.પાટીલ, ગુજરાત રાજયના ગૃહ મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાસહિત આમંત્રિત મહેમાનો અને ટ્રસ્ટી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## અમેરીકાના લોસએન્જલસ ના

# ગુજરાતી સિનિયર ફ્રેન્ડ સર્કલ માં ' સહારા સંસ્થા નો કાર્યક્રમ ઝૂમ માધ્યમથી કરાયો

અમેરીકાના LA. વિસ્તારમાં કાર્યરત ગુજરાતી સિનિયર ફ્રેન્ડ સર્કલ દર શનિવારે ૪ થી ૬ સમય દરમ્યાન વરચ્યુઅલી લોકઉપયોગી સુંદર પ્રવૃત્તિઓ કરતા હોય છે. દર શનિવારે કોઇને કોઇ પ્રવૃત્તિઓ હોય છે. જે દરેક સિનિયરર્સ ને ઉપયોગી અને રસપ્રદ હોય છે આ સંસ્થાના અગ્રણી સર્વશ્રી ગુણવંતભાઇ પટેલ,હર્ષદરાય શાહ, અને કાન્તિભાઈ મિસ્ત્રી વગેરે છે...

તાજેતરમાં આ સંસ્થા દ્વારા તા ૧૦ જુલાઈ ને શનિવારે ૪ થી ૫ ના સમય દર્મ્યાન સહારા સંસ્થાના કાર્યકારો દ્વારા તેમની સંસ્થા વિશે માહિતી તેમજ લોકઉપયોગી ઉદ્દેશો માહિતી તેમજ તેનું કાર્યક્ષેત્ર વગેરે ની જાણકારી આપવામાં આવી. સંસ્થાના ૧).શ્રી ભાસ્કર શાહ.૨) શ્રી બિલાલ કાઝમી ૩) ઈલેશા ગુપ્તા ૪).આશા ગાંધી એ પર્સનલી કાર્યક્રમમાં હાજર રહીને આ સંસ્થા અંગે સુંદર રસપ્રદ માહિતી આપી હતી. શરૂઆતમાં GDFC ના અગ્રણી શ્રી ગુણવંતભાઈ પટેલે આ સહારા ના કાર્યકરોને આવકાર્યા હતા, પ્રથમ સહારાના શ્રી ભાસ્કરભાઈ શાહે સહારા સંસ્થા સિનિયર્સ ને કેવી રીતે મદદ કરે છે વગેરે જણાવેલ... પ્રથમ બિલાલ કાઝમીએ કુટુંબથી તરછોડાએલાને આ સંસ્થા કેવીરીતે મદદ કરે છે તે માહિતી આપી, આ સંસ્થા ન્છ માં સાત કાઊન્ટીમાં કાર્યરત હોવાનું જણાવેલ.. માહિતી બાદ પ્રશ્નોત્તરી માં હર્ષદરાય શાહ,શ્રી સી,બી પટેલ,શ્રી જગદીશભાઈ પટેલ,શ્રીમતિ ચંદ્રીકા મિસ્ત્રી વગેરે એ પ્રશ્નો પુછ્યા હતા અને સહારા ના કાર્યકરોએ સંતોષકારક જવાબ આપ્યા હતા... તેમજ ફરી કોઈ વખત સહારા સંસ્થાની ઉપસ્થિતિમાં રૂબરૂ આ રીતનો કાર્યક્રમ રાખવાની ઈચ્છા દર્શાવી હતી... અંતમા ગુણવંતભાઈ પટેલે સહારા ના કાર્યકરો વગેરે નો આભાર માન્યો હતો.... ( માહિતી:- હર્ષદરાય શાહ અને તસ્વિર:- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# મોડાસાની અન્નપુર્ણા ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિ ની માહિતી આપતી પુસ્તિકા "રોજ રોજ હું કરું પ્રાર્થના" નું વિમોચન



અરવલ્લી બ્યુરો મઠવાસ

અન્નપુર્ણા છેલ્લાં ૨૯ વરસતી આ પ્રદેશમાં હોસ્પિટલનાં દર્દીઓ અને તેમની સેવા માટે રોકાયેલા તેમજ અલ્પ સાધન વ્યક્તિઓ માટે બે ટંકનું ભોજન રાહતદરે પૂરું પાડે છે તે તમે સૌ જાણો છો આજે રથ યાત્રાનાં પવિત્ર દિવસે અન્નપુર્ણા ટ્રસ્ટે શ્રી બિપીનભાઈ શાહે તૈયાર કરેલું પુસ્તક "રોજ-રોજ હું કરું પ્રાર્થના" તેનું વિમોચન અન્નાપુર્નાના કર્મયોગી અને ૨૯ વર્ષથી આ સંસ્થા સાથે સંકળાયેલા પ્રો. એન. જી. શાહનાં વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તિકા ઉત્તમ અને માહિતી સભર બની છે. આ પુસ્તિકામાં અન્નપુર્ણા ટ્રસ્ટની પ્રવૃત્તિઓ જેવી કે દર્દીઓને ભોજન રૂ. ૨ માં આપવું, વૃદ્ધ વડીલ જનને નિરાંતનાં સમય માટે દાદા-દાદીનો વિસામો, બારમાસી શીતલ જળ સુવિધા, ઘરે બેઠા સારવાર લેતા દર્દીઓ માટે સાધન સુવિધા કેન્દ્ર, એપ્રિલ થી જુન સુધી છાસ કેન્દ્ર અને શ્રમજીવી માટે ભાખરી શાક કેન્દ્ર તથા મફત મોતિયાના ઓપરેશન અને આંખની તપાસ માટે દ્રષ્ટી કેન્દ્રની વિગતવાર માહિતી આપી છે રૂ. ૧(એક) લાખ કરતા વધુ દાન આપનાર ૨૭ ભાગ્યશાળી દાતાઓના નામો અને ૩૨ જેટલા સંતો, કેળવણીકારો, સાહિત્યકારો અને ધારાસભ્યોએ આ કેન્દ્રમાં આવી તેમના વક્તવ્યોથી શોભાવ્યું છે તેવા જનોના ફોટા સાથે પ્રવૃત્તિની માહિતી સાથેની પુસ્તિકા આજે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ પ્રસંગે વિમોચન કરનાર પ્રો. નટુભાઈ શાહ, શ્રીમતી શકુબેન શાહ, શ્રીમતી સુવર્ણાબેન શાહ, ઉપ-પ્રમુખ શ્રી હસમુખભાઈ શાહ, શ્રી સુભાષભાઈ શાહ, નાગરિક બેક્નના પ્રતિનિધિ શ્રી વિનોદભાઈ શાહ, ચાર્ટડ એકાઉન્ટ રુઝુલ ભાઈ શાહ , ચંપક દેસાઈ, દિલીપ પટેલ, કામેશ શાહ, વીરેન શાહ વિગેરે ઉપસ્થિત રહી સૌએ સુંદર પુસ્તિકાની સરાહના કરી હતી. અને ઘણા સમય પછી આવો એક કાર્યક્રમ અન્નપુર્ણામાં યોજાયો તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ પુસ્તિકા પ્રસિદ્ધ થવાથી અન્નપુર્ણાની પ્રવૃત્તિઓ અને દાનની માહિતી એક સાથે મળી શકશે તેવી આ સુંદર પુસ્તિકા બનાવવામાં આવી છે. તે બદલ બિપીનભાઈ શાહને સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# સાંસદ મનસુખભાઈ વસાવા ફરી એકવાર આદિવાસીઓના પ્રશ્ને મુખ્યમંત્રીને પત્ર લખ્યો



રાજપીપલા, તા.૧૨

સાંસદ મનસુખભાઇ વસાવા ફરી એકવાર આદિવાસીઓના પ્રશ્ને મુખ્યમંત્રીને પત્ર લખ્યોછે. જેમાં આદિજાતિના ખોટા પ્રમાણપત્રો બિન આદિવાસી સમાજનાખોટા પ્રમાણપત્રો રદ કરવા માટે નિમાયેલ તપાસમાં થઈ રહેલી વિલંબનીતિ મનસુખ ભાઈએ સવાલો ઉઠાવ્યાછેતેમણે મુખ્યમંત્રી સમક્ષ તપાસ ઝડપી બનાવવાઅને જેમણે ખોટા પ્રમાણપત્રો મેળવનારા ઈમ્ઝ સમાજના લોકોના પ્રમાણપત્રો તાત્કાલિક ધોરણે રદકરવાની મનસુખ વસાવાએ માંગ કરી છે. પત્રમાં સાંસદ મનસુખભાઈએ જણાવ્યું છે કે ભાજપના નેતૃત્વવાળી સરકારે વિધાનસભામાં આદિજાતિના ખોટા પ્રમાણપત્રો બાબતે બિલ લાવી કાયદો બનાવ્યો, તે આદિજાતિના ખોટા પ્રમાણપત્રો બિન આદિવાસી સમાજના લોકોએ લીધા છે, જે ખોટા પ્રમાણપત્રો રદ કરવા માટે એક સિનિયર નિવૃત જજના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના પણ કરવામાં આવી. આ સમિતિએ સાચા ખોટા પ્રમાણપત્રો ચકાસણી માટેનો આરંભ પણ કર્યો છે, પરંતુ તપાસમાં ખુબ જ વિલંબ થઈ રહ્યો છે, આદિવાસી સમાજના વિવિધ સંગઠનોનું માનવું છું કે આ તપાસ ઝડપથી થાય અને જેને ખોટા પ્રમાણપત્રો મેળવ્યા છે, તેવા ઈમ્ઝ સમાજના લોકોના પ્રમાણપત્રો તાત્કાલિક ધોરણે રદકરવામાં આવે.અને તે બાબતનો અહેવાલ તાત્કાલિક ધોરણે ભારત સરકારમાં મોકલવામાં આવે તે માટે મારી તથા ગુજરાતના સમગ્ર આદિવાસી સમાજના લોકોની લાગણી અને માંગણી છે.આ અંગે આદિજાતિ વિકાસ કલ્યાણ મંત્રીગણપતભાઈ વસાવાને પણ પત્ર દ્વારા રજૂઆત કરાતા ખોટા પ્રમણ પત્રોના મામલે ફરી એકવાર રાજકીય ગરમાવો આવી ગયો છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.